અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ નવેમ્બર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ ચૌદસ | અંક : ૧૧૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



કેન્દ્રીય જલ શક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને તેમનો પરિવાર જોધપુર રાજસ્થાન વિધાનસભા ચૂંટણી માટે મત આપ્યા બાદ શાહીથી ચિહ્નિત આંગળીઓ બતાવતા નજરે પડે છે.



કોંગ્રેસના નેતા સચિન પાયલોટ અને અન્ય મતદારો જયપુરમાં રાજસ્થાન વિધાનસભા ચૂંટણી દરમિયાન પોતાનો મત આપીને ફોટોમાં પોઝ આપતા નજરે પડે છે.



રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતની પત્ની સુનીતા ગેહલોત અને વૈભવ ગેહલોતની પત્ની હિમાંશી ગેહલોત જોધપુરમાં મતદાન કર્યું હતું.

### રાજસ્થાન વિધાનસભા મતવિસ્તારના સુકેત ગામમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાના બૂથ પર હંગામો થયો

# રાજસ્થાનમાં ૫ વાગ્યા સુધી ૬૮.૨૪ ટકા મતદાન

। રાજસ્થાન, તા.૨૫ ।

રાજસ્થાનની ૧૯૯ વિધાનસભા બેઠકો પર શનિવારે સાંજે ૬ વાગ્યે મતદાન સમાપ્ત થયું. રાજસ્થાનના મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર સાંજે ૫ વાગ્યા સુધી રાજ્યમાં ૬૮.૨૪ ટકા મતદાન થયું હતું. ઘણી જગ્યાએ અથડામણ અને હંગામો થયો. બૂથ કબજે કર્યું. ગોળીબાર અને પથ્થરમારો થયો હતો. ભરતપુર જિલ્લાની કમાન અને નગર વિધાનસભા મતવિસ્તારમાં હંગામો થયો હતો. શહેર વિધાનસભા મતવિસ્તારના સુકેત ગામમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાના બૂથ પર હંગામો થયો હતો. અહીં લતીફ નામનો વ્યક્તિ દિવાલ કૂદીને બૂથમાં ઘુસ્યો અને કોંગ્રેસના કાર્યકરો સાથે



મારપીટ કરવા લાગ્યો. તેણે VVPATમાં તોડફોડ કરી. લતીફના કેટલાક સહયોગીઓ પહેલાથી જ મતદાન મથકની અંદર હાજર હતા. વિવાદ એટલો વધી ગયો કે મતદાન કરવા આવેલા લોકો મતદાન મથકમાંથી ભાગવા લાગ્યા. દરેક વ્યક્તિ બે જૂથોમાં વહેંચાઈ ગઈ. એકબીજા પર પથ્થરમારો કરવા લાગ્યા. પોલિંગ પાર્ટી પોતાનો જીવ બચાવવા ભાગી હતી. હંગામાને કારણે લગભગ ૩૦ મિનિટ સુધી મતદાન બંધ રહ્યું હતું.

ઝાલાવાડ અને ઉદયપુરમાં મતદાન કરવા માટે લાઈનમાં ઊભા રહેલા બે વૃદ્ધનાં મોત થયાં હતાં, જ્યારે અજમેરના પુષ્કરમાં મતદાન બાદ ઘરે પહોંચતાં જ એક વૃદ્ધનું મોત થયું હતું. કેટલીક જગ્યાએ મતદાન કાર્યકરોની તબિયત લથડી હતી. અહીં સિકર અને શ્રીગંગાનગર જિલ્લાનાં ઘણાં બૂથ પર EVM ખરાબ થવાને કારણે મતદાનમાં મોડું થયું હતું. એ જ સમયે ચુરુના સરદાર શહેરમાં એક બૂથ પર કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. અલવર, ઝાલાવાડ, શ્રીમાધોપુર સહિત અનેક વિધાનસભાનાં બૂથ પર વર-કન્યા પણ મતદાન કરવા આવ્યાં હતાં.

ઝાલાવાડ અને ઉદયપુરમાં મતદાનની લાઈનમાં ઊભેલા બે વૃદ્ધ મતદારોનાં પણ મોત થયા છે. એ જ સમયે ૧૧૩ વર્ષીય મતદાતા ભૂલી દેવીએ પણ ટોંકની નિવાઈ વિધાનસભામાં પોતાનો મત આપ્યો. જ્યારે ધૌલપુરની બારી વિધાનસભામાં એક બૂથ પાસે ગોળીબાર થયો હતો, ત્યારે કંચનપુરમાં બૂથ પર BSP-BJP ઉમેદવારોના સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી.





## પીએમ મોદીએ તેજસ ફાઈટર પ્લેનમાં ઉડાન ભરી કહ્યું, "દુનિયામાં હમ કિસી સે કમ નહીં"

। નવી દિલ્હી, તા.૨૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં સ્વદેશી તેજસ ફાઈટર જેટમાં ઉડાન ભરી હતી. તેજસ વિમાનમાં પીએમ મોદીની સફર ૪૫ મિનિટ સુધી ચાલી હતી એટલે કે પીએમ મોદીએ ૪૫ મિનિટ સુધી ફાઈટર એરક્રાફ્ટ તેજસમાં ઉડાન ભરી હતી અને આ દરમિયાન આકાશમાં ઉડતી વખતે તેમણે પોતે જ કેટલાક સમય માટે તમામ નિયંત્રણો ઓપરેટ કર્યા હતા. તેજસ ફાઈટર પ્લેનમાં ઉડાન ભર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે તેમણે તેજસને સફળતાપૂર્વક ઉડાડ્યું અને તેમને તેનો ગર્વ છે. તેમણે બેંગલુરુમાં સ્થિત HAL એટલે કે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ ફેસિલિટીની પણ મુલાકાત લીધી હતી. આજે તેજસમાં ઉડાન ભરીને હું ખૂબ જ ગર્વ સાથે કહી શકું છું કે આપણી મહેનત અને સમર્પણને કારણે આપણે આત્મનિર્ભરતાના ક્ષેત્રમાં દુનિયામાં હમ કિસી સે કમ નહીં. ભારતીય વાયુસેના DRDO અને HAL તેમજ તમામ ભારતીયોને હાર્દિક અભિનંદન. નોંધનીય છે કે તેજસ એ બહુ-ભૂમિકા જેટ ફાઈટર એરક્રાફ્ટ છે જે ભારત દ્વારા વિકસાવવામાં આવી રહ્યું છે. તે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા વિકસિત એક સીટ અને એક જેટ એન્જિન સાથેનું બહુ-ભૂમિકાનું લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ છે. તે સંયોજન-ડેલ્ટા વિંગ એરક્રાફ્ટ છે.

### સંપત્તિ જાણીને લોકો ચોંકી ગયા

## રાજસ્થાન વિધાનસભા ચૂંટણીના ત્રણ સૌથી ધનિક ઉમેદવાર

। નવી દિલ્હી, તા.૨૫ ।

રાજસ્થાનમાં આજે ૧૯૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. ૧૮૬૨ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થઈ જશે. અમે આ ચૂંટણીમાં ટોપ-૩ અમીર ઉમેદવારો વિશે જણાવી રહ્યા છીએ. ચૂરુ જિલ્લાના ચૂરુ મતવિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર રફીક મંડેલિયા આ ચૂંટણીમાં સૌથી અમીર ઉમેદવાર છે. તેમણે રૂ. ૧,૬૬,૪૮,૩૮,૬૬૨ (૧૬૬ કરોડ)ની કુલ સંપત્તિ જાહેર કરી છે. ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં બીજેપીના પ્રેમ સિંહ બાજોર બીજા અમીર ઉમેદવાર છે. તેમની કુલ સંપત્તિ રૂ. ૧,૨૩,૨૩,૩૧,૧૧૧ (૧૨૩ કરોડ) છે. તે સીકર જિલ્લાના નીમ કા થાણા વિસ્તારમાંથી ચૂંટણી લડશે. ચિત્તોડગઢ જિલ્લાની નિમ્બહેરા બેઠક પરથી ભાજપના ઉમેદવાર, અંજના ઉદયલાલ ત્રીજા સૌથી ધનિક ઉમેદવાર છે. તેમની કુલ સંપત્તિ રૂ. ૧,૨૨,૯૪,૮૪,૫૬૯ (૧૨૨ કરોડ) છે. ભાજપના ૧૭૬ ઉમેદવારો છે કરોડપતિ - રાજકીય પક્ષોના મતે ભાજપના ૨૦૦ ઉમેદવારોમાંથી મહત્તમ ૧૭૬ (૮૮ ટકા) કરોડપતિ છે. RLPના ૭૮માંથી ૩૬ ઉમેદવારો, CPI(M)ના ૧૮ ઉમેદવારોમાંથી ૫ અને ભારતીય ટ્રાઈબલ પાર્ટીના ૧૭માંથી ૧ ઉમેદવાર કરોડપતિ છે. કોંગ્રેસની વાત કરીએ તો તેના ૧૯૯ ઉમેદવારોમાંથી ૧૬૭ (૮૪ ટકા) કરોડપતિ છે. આ પછી BSPના ૧૮૫ ઉમેદવારોમાંથી ૩૬ અને AAPના ૮૬માંથી ૨૯ (૩૪ ટકા) ઉમેદવારો કરોડપતિ છે.

### અલગ અલગ થીમ પર સજાવટ

## મતદાતાને આકર્ષવા ખાસ તૈયાર કરાયા સેલ્ફી પોઇન્ટ

। નવી દિલ્હી, તા.૨૫ ।

રાજસ્થાનમાં મતદારોને મતદાન મથક સુધી લાવવા માટે ચૂંટણી પંચે ઘણી વિશેષ પહેલ કરી છે. ઉદયપુરમાં ઘણા મતદાન મથકોને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યા છે. રાજ્યની ૨૦૦ વિધાનસભા બેઠકો પર કુલ ૫.૨૬ કરોડ મતદારો છે. જો કે એક ઉમેદવારના મૃત્યુ બાદ માત્ર ૧૯૯ બેઠકો પર જ મતદાન થશે. શનિવારે (૨૫ નવેમ્બર) યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મતદારો નક્કી કરશે કે રાજસ્થાનમાં આગામી પાંચ વર્ષ માટે કોની સરકાર બનશે. આ સમય દરમિયાન, ચૂંટણી પંચે મતદાન મથકને પણ શણગાર્યું છે જ્યાં મતદારો કન્યાની જેમ આગામી પાંચ વર્ષ માટે રાજસ્થાનનું ભવિષ્ય નક્કી કરનારી સરકારને પસંદ કરવા માટે પહોંચશે. વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને ઉત્સવનો સ્પર્શ આપવા માટે, આ વખતે સખી, યુવા, દિવ્યાંગ, ગ્રીન અને થીમ બેઝ મતદાન મથકોનો ખ્યાલ સાકાર કરવામાં આવ્યો છે. જેથી દરેક વર્ગનો મતદાર ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલ અનુભવે અને મતદાનમાં ભાગ લે. ઉદયપુર જિલ્લા ચૂંટણી અધિકારી અરવિંદ પોસવાલે કહ્યું કે લોકશાહીને મજબૂત કરવા માટે ચૂંટણીમાં મહિલાઓની ભાગીદારી મહત્વપૂર્ણ છે. આ માટે ચૂંટણી પંચની સૂચનાથી દરેક વિધાનસભા મતવિસ્તારમાં ૮-૮ સખી બૂથ બનાવવામાં આવ્યા છે. સખી બૂથને ગુલાબી થીમથી શણગારવામાં આવ્યા છે. જિલ્લામાં અનેક સ્થળોએ સખીમંડળોને વેલકમ ગેટ, સેલ્ફી પોઈન્ટ વગેરે લગાવીને આકર્ષક રીતે શણગારવામાં આવ્યા છે.



## AMCનો દિશા સુચક બોર્ડનો થાંભલો અચાનક પાર્ક કરેલ રિક્ષા પર ઢળી પડ્યો

। અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના અંજલી ચાર રસ્તા પાસે દિશા સુચક બોર્ડનો થાંભલો ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. છસ્ઝનો દિશા સુચક બોર્ડનો થાંભલો અચાનક પાર્ક કરેલ રિક્ષા પર ઢળી પડ્યો હતો.જેના કારણે રિક્ષાને ભારે નુકસાન થયું હતું.જો કે સદનસીબે રીક્ષા ચાલક અંદર ન હોવાથી જાનહાનિ ટળી હતી. રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. તેમજ તમે ઘણીવાર જોયુ હશે કે રોડ -રસ્તા પર ખાડા પડવાના કારણે કેટલીક દુર્ઘટના થતી હોય છે. ત્યારે અમદાવાદના અંજલી ચાર રસ્તા પાસે દિશા સુચક બોર્ડનો થાંભલો ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. AMCનો દિશા સુચક બોર્ડનો થાંભલો અચાનક પાર્ક કરેલ રિક્ષા પર ઢળી પડ્યો હતો.જેના કારણે રિક્ષાને ભારે નુકસાન થયું હતું. જો કે સદનસીબે રીક્ષા ચાલક અંદર ન હોવાથી જાનહાનિ ટળી હતી.ત્યારે સવાલ એ છે કે જો કોઈ જાનહાનિ સર્જાઈ હોત તો જવાબદાર કોણ ? તો બીજી તરફ વલસાડના ધરમપુરના રાજપુરી જંગલ પાસે અકસ્માતની ઘટના બની હોવાનું સામે આવ્યુ છે. જેમાં બે લોકોના મોત થયા છે. છકડો રીક્ષા પલટી ખાતા અકસ્માત સર્જાયો છે. પર્વતીય વિસ્તારમાં ૧૦ ફૂટ નીચે રીક્ષા ખાબકી હતી.

## સુરતમાં રખડતા શ્વાને વધુ એક વ્યક્તિનો ભોગ લીધો

। સુરત, તા.૨૫ ।

સુરતમાં રખડતા શ્વાનના કારણે વધુ એક વ્યક્તિએ જિંદગી ગુમાવવાનો સામે આવ્યો છે.શ્વાનના કારણે અકસ્માત સર્જાતા હોસ્પિટલમાં દાખલ વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત થયું છે.અકસ્માતની ઘટના ૧૭ નવેમ્બરે બની હતી.નાની બહેનને મળવા ભાઈ અને તેની માતા ઉધના ગયા હતા. ત્યાંથી ભટાર પરત ફરતી વખતે શ્વાન વચ્ચે આવી જતાં બંને બાઈક પરથી પટકાયા હતા.રાજ્યમાં દિવસે દિવસે શ્વાનનો આતંક વધી રહ્યો છે. તો સુરતમાં રખડતા શ્વાનના કારણે વધુ એક વ્યક્તિએ જિંદગી ગુમાવવાનો સામે આવ્યો છે. શ્વાનના કારણે અકસ્માત સર્જાતા હોસ્પિટલમાં દાખલ વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત થયું છે. અકસ્માતની ઘટના ૧૭ નવેમ્બરે બની હતી. નાની બહેનને મળવા ભાઈ અને તેની માતા ઉધના ગયા હતા. ત્યાંથી ભટાર પરત ફરતી વખતે શ્વાન વચ્ચે આવી જતાં બંને બાઈક પરથી પટકાયા હતા. ઈજાગ્રસ્ત થયેલા માતા-પુત્રને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

# અમદાવાદ-વડોદરા સહિત દેશભરમાં બ્રાન્ચ ધરાવતી સહકારી બેંકોને એક વર્ષ માટે સસ્પેન્ડ કરાઈ

### વર્ષ ૧૯૮૮માં આરબીઆઈ દ્વારા બેંકને શેડ્યૂલ બેંકની શ્રેણીમાં મૂકવામાં આવી હતી, આ પછી મુંબઈ સહિત ઘણા મોટા શહેરોમાં બેંકની શાખાઓ ખુલી છે

। અમદાવાદ, તા.૨૫ ।

દેશની કેન્દ્રિય બેંક દ્વારા વધુ એક બેંક પર આકરા પગલા લેવામાં આવ્યા છે. જે અંતર્ગત અભ્યુદય કોઓપરેટિવ બેંકનું બોર્ડ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

આરબીઆઈએ બોર્ડને ૧ વર્ષ માટે સસ્પેન્ડ કર્યું. આ સાથે આરબીઆઈએ સત્ય પ્રકાશ પાઠકને બેંકના એડમિનિસ્ટ્રેટર તરીકે નિયુક્ત કર્યા. જો કે, કેન્દ્રીય બેંકના આ આકરા પગલાથી ગ્રાહકોને કોઈ અસર થશે નહીં. ગવર્નન્સના નબળા નિયમોને કારણે બોર્ડને સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. અહીં સ્પષ્ટ કરી દઈએ કે અભ્યુદય સહકારી બેંકની કામગીરી પર કોઈ પ્રતિબંધ નથી.



આરબીઆઈનું કહેવું છે કે બેંકના ગ્રાહકો માટે સેવા પહેલા જેવી જ રહેશે. આ ફક્ત એક માળખાકીય પગલા લેવામાં આવ્યા છે. અભ્યુદય કોઓપરેટિવ બેંકની શરૂઆત વર્ષ ૧૯૬૪માં કરવામાં આવી હતી. ૫૦૦૦ રુપિયા સાથે બેંકનો પાયો નાખવામાં આવ્યો હતો. તે દૂધના વેપારીઓ અને નાના વેપારીઓ માટે શરૂ કરવામાં આવી હતી. આ પછી જૂન ૧૯૬૫માં અભ્યુદય કો-ઓપ. બેંકિંગ શરૂ થઈ ગયું છે. વર્ષ ૧૯૮૮માં આરબીઆઈ દ્વારા બેંકને શેડ્યૂલ બેંકની શ્રેણીમાં મૂકવામાં આવી હતી. આ પછી મુંબઈ સહિત ઘણા મોટા શહેરોમાં બેંકની શાખાઓ ખુલી છે. બેંક મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટકમાં બિઝનેસ કરે છે. નાના વેપારીઓ અને સામાન્ય લોકોને મદદ કરવા માટે સહકારી બેંકો શરૂ કરવામાં આવી હતી. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં બચત અને રોકાણની ટેવને પ્રોત્સાહન આપવા માટે પહેલ કરવામાં આવી હતી. આરબીઆઈના અહેવાલમાં જણાવાયું છે કે આ સેક્ટર દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકા હોવા છતાં, કુલ કૃષિ ધિરાણમાં તેનો હિસ્સો ૧૯૯૨-૯૩માં ૬૪ ટકાથી ઘટીને ૨૦૧૯-૨૦માં માત્ર ૧૧.૩ ટકા થઈ ગયો છે. દેશમાં સહકારી બેંકોની નોંધણી "સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર" સાથે કરવામાં આવે છે. હાલમાં લગભગ ૮.૬ કરોડ થાપણદારોની ૧૪૮૨ સહકારી બેંકોમાં ૪.૮૪ લાખ કરોડ રૂપિયાની થાપણો છે.



એએમસી દ્વારા મીઠાખળી અંડરબ્રિજના એક સાઈડના રોડના આરસીસીનું કામ પુરૂ થતા ટ્રાફિક માટે શરૂ કરી દેવામાં આવ્યો છે.

**કમિટિએ ૫૦ ટકા વધારવાની વિચારણા શરૂ કરી**

## પ્રાઈવેટ સ્કૂલની ફી માં તોતિંગ વધારો થઈ શકે

### પ્રાઈમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી લેવલે ફીમાં વધારો થવાના સ્ટ્રક્ચર પણ અલગ અલગ જોવા મળી શકે છે



। અમદાવાદ, તા.૨૫ ।

સ્ટેટ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ કમિટિએ પ્રાઈવેટ સ્કૂલ માટે મિનિમમ ફી લિમિટ હોય તેના અંગે વિચારણા કરી રહી છે. અત્યારની જે ફી રેન્જ છે તેમા ૫૦ ટકા વધારો કરવા માટે ચર્ચા શરૂ કરી છે. અત્યારે પ્રાઈવેટ સ્કૂલ ૧૫થી ૩૦ હજારના બ્રેકેટ વચ્ચે ઓપરેટ થાય છે. જો આ ફેરફાર લાગુ થયા તો આમાં ૫૦ ટકાનો વધારો પણ જોવા મળી શકે છે. એટલે કે એમાં ૨૨ હજાર ૫૦૦થી ૪૫ હજાર રૂપિયા સુધી આંકડો પહોંચી જાય એમ લાગી રહ્યું છે. જોકે આમાં એ પણ સજેશન આપવામાં આવ્યું હતું કે ૭ ટકા વાર્ષિક વધારો થવો જોઈએ. પ્રાઈમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી લેવલે ફીમાં વધારો થવાના સ્ટ્રક્ચર પણ અલગ અલગ જોવા મળી શકે છે. નવા સ્ટ્રક્ચરની વાત કરીએ તો સ્કૂલો મિનિમમ ૨૨ હજાર ૫૦૦ સુધી ચાર્જ કરી શકશે. આની સાથે જ હાયર સેકન્ડરીની ૨૫થી વધીને ૩૭ હજારને પાર જતી રહી છે. તો બીજી બાજુ કેટલાક સ્થળે ૩૦થી વધીને ૪૫ હજારને પાર પહોંચી ગઈ છે. પ્રાઈમરી એજ્યુકેશન લેવલની વાત કરીએ તો અત્યારે જે ૧૫ હજાર હતી તે વધીને ૨૨ હજાર ૫૦૦થઈ ગઈ છે. એમાં ૭ હજાર ૫૦૦ સુધીનો ડિફરન્સ જોવા મળ્યો છે. બીજી બાજુ સેકન્ડરીમાં જે ૨૦ હજાર હતી તે વધીને ૩૦ હજાર થઈ ગઈ છે અને ડિફરન્સ ૧૦ હજારનો જોવા મળ્યો છે. તેવામાં હાયર સેકેન્ડરી જનરલની વાત કરીએ તો એમાં ૨૫ હજાર તો હતી પરંતુ તે વધીને ૩૭ હજાર થઈ ગઈ છે. જ્યારે ડિફરન્સની વાત કરીએ તો ૧૨ હજાર ૫૦૦ રૂપિયાનો જોવા મળ્યો છે. હાયર સેકન્ડરી સાયન્સમાં ૩૦ હજાર અત્યારે છે જે ફી વધીને ૪૫ હજારને પાર પહોંચી ગઈ છે. અત્યારે ડિફરન્સની વાત કરીએ તો ૧૫ હજાર સુધીનો આવ્યો છે.

**આધાર કાર્ડ માટે હજુ લોકોને ધક્કા ખાવા પડે છે**

## રાજકોટમાં આધાર કાર્ડ કેન્દ્રોમાં લોકોની મુશ્કેલી પારાવાર

### RMCની મુખ્ય કચેરીમાં આવેલ કેન્દ્રમાં ૭ કીટમાંથી ૩ કીટ બંધ હાલતમાં છે જેથી લાંબી લાઈનો લાગે છે

। રાજકોટ, તા.૨૫ ।

તહેવાર બાદ પણ આધાર કાર્ડ માટે હજુ લોકોને ધક્કા ખાવા પડે છે. તેની પાછળનું મોટુ કારણ આધાર કાર્ડની બંધ પડેલી કિટ હોવાનું સામે આવ્યુ છે. શહેરમાં આધાર કાર્ડ કેન્દ્રમાં કીટ બંધ હોવાથી લોકો મુખ્ય કચેરીએ જવાનો વારો આવ્યો છે. અહીં આવ્યા બાદ લોકોને જાણ થાય છે કે સ્થિતિ અહીંયા પણ તેવી જ છે. રાજકોટમાં આધાર કાર્ડ કેન્દ્રોમાં લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તહેવાર બાદ પણ આધાર કાર્ડ માટે હજુ લોકોને ધક્કા ખાવા પડે છે. તેની પાછળનું મોટુ કારણ આધાર કાર્ડની બંધ પડેલી કિટ હોવાનું સામે આવ્યુ છે. શહેરમાં આધાર કાર્ડ કેન્દ્રમાં કીટ બંધ હોવાથી લોકો મુખ્ય કચેરીએ જવાનો વારો આવ્યો છે. અહીં આવ્યા બાદ લોકોને જાણ થાય છે કે સ્થિતિ અહીંયા પણ તેવી જ છે. ઈસ્ઝની મુખ્ય કચેરીમાં આવેલ કેન્દ્રમાં ૭ કીટમાંથી ૩ કીટ બંધ હાલતમાં છે. જેથી લાંબી લાઈનો લાગે છે.

**માવઠાની આગાહીના પગલ નિર્ણય લેવાયો**

## જામનગરના કાલાવડ માર્કેટિંગ યાર્ડ ચાર દિવસ માટે બંધ રહેશે

### એપીએમસીના ચેરમેને ખેડૂતોને નવી સૂચના ન મળે ત્યાં સુધી જણસી લઈને માર્કેટ યાર્ડમાં ન આવવાની અપીલ કરી છે

। જામનગર, તા.૨૫ ।

જામનગરના કાલાવડ માર્કેટિંગ યાર્ડ આજથી ચાર દિવસ માટે બંધ રહેશે. કાલાવડ એપીએમસીમાં હરાજી અને ઉતરાઈનું કામકાજ બંધ રાખવામાં આવશે. તેમજ એપીએમસીના ચેરમેને ખેડૂતોને નવી સૂચના ન મળે ત્યાં સુધી જણસી લઈને માર્કેટ યાર્ડમાં ન આવવાની અપીલ કરી છે.હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૩ દિવસ રાજ્યભરમાં માવઠાની આગાહી કરવામાં આવી છે.જેને લઈને જામનગરના કાલાવડ માર્કેટિંગ યાર્ડ આજથી ચાર દિવસ માટે બંધ રહેશે. કાલાવડ એપીએમસીમાં હરાજી અને ઉતરાઈનું કામકાજ બંધ રાખવામાં આવશે. તેમજ એપીએમસીના ચેરમેને ખેડૂતોને નવી સૂચના ન મળે ત્યાં સુધી જણસી લઈને માર્કેટ યાર્ડમાં ન આવવાની અપીલ કરી છે. હવામાન વિભાગની સૂચના બાદ જ નવી ઉતરાઈ અંગેની સૂચના આપવામાં આવશે.

**વિશેષ** | **વડોદરામાં 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજનાના લાભાર્થીઓ માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો**

# વન નેશન વન રાશનકાર્ડ યોજનાથી દેશના કોઈપણ રાજ્યનો વતની દેશના કોઈપણ ખૂણેથી પોતાની જરૂરિયાત મુજબનું રાશન મેળવી શકે છે : મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ

કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ (DFPD) દ્વારા વડોદરા શહેરના પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર હોલ ખાતે મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લના અધ્યક્ષસ્થાને 'વન નેશન વન રેશનકાર્ડ' (ONORC) યોજનાના લાભાર્થીઓ માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ONORC યોજનાની તલસ્પર્શી જાણકારી, 'મેરા રાશન' એપ્લિકેશનની માહિતી અને લાભાર્થીઓને મળતા લાભો તેમજ યોજના વિશે તલસ્પર્શી વિગતો આપવામાં આવી હતી.

દેશના ગરીબ લોકોની મૂળભૂત-અનાજની જરૂરિયાત સંતોષતી 'વન નેશન વન રાશનકાર્ડ'ની યોજનાની વિશેષતાઓ વર્ણવતા મુખ્ય દંડક શ્રી બાળકૃષ્ણ શુક્લે જણાવ્યું હતું કે, વન નેશન વન રાશનકાર્ડ યોજનાથી દેશના કોઈપણ રાજ્યનો વતની દેશના કોઈપણ ખૂણેથી પોતાની જરૂરિયાત અનુસાર રાશનનો લાભ લઈ શકે છે. જરૂરિયાતમંદ તમામને આ યોજનાનો લાભ લેવાનો અનુરોધ કરતા મુખ્ય દંડકશ્રીએ લાભાર્થીઓ સહિત દરેકને દેશના જાગૃત અને જવાબદાર નાગરિક તરીકે આ જાગૃતતા અભિયાનમાં હિસ્સેદારી નોંધાવવાનું આહ્વાન કર્યું હતું.





આ તકે કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના નિયામક શ્રી રવિશંકરે દેશમાં વર્ષ ૨૦૧૯થી નેશનલ ફૂડ એન્ડ સિક્યોરીટી એક્ટ(NFSA) અંતર્ગત શરૂ થયેલી 'વન નેશન, વન રાશનકાર્ડ' યોજનાની વિગતો આપતા જણાવ્યું હતું કે, દેશ કે રાજ્યનો કોઈ પણ નાગરિક પોતાના મૂળ વતનથી બીજી જગ્યાએ કાયમી કે હંગામી ધોરણે સ્થળાંતર કરે ત્યારે તેવા નાગરિકોના રાશન કાર્ડને ઈ-ગવર્નન્સ સાથે જોડીને તેનો લાભ આપવામાં આવે છે. ઉપરાંત બાયોમેટ્રિક પદ્ધતિને આધારે આ યોજનાનો લાભ મળવાથી પોતાના હકનું રાશન દેશના કોઈપણ ખૂણેથી મેળવી શકે છે. દેશમાં વસતા કરોડો શ્રમયોગી માટે વન નેશન વન રેશનકાર્ડ યોજના સાચા અર્થમાં આશીર્વાદરૂપ બની રહી છે. જે દેશ માટે ખરા અર્થમાં 'વસુધૈવ કુટુમ્બકમ'ની વ્યાખ્યાને ચરિતાર્થ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

વન નેશન, વન રાશનકાર્ડ યોજના હેઠળ દેશમાં એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ૪ લાખ કુટુંબો,એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ૨૦ લાખ કુટુંબો અને એક ગામમાંથી બીજા ગામમાં ૨ કરોડ કુટુંબો પોતાના હિસ્સાનું અનાજ મેળવી રહ્યા છે.ગુજરાતમાં અન્ય રાજ્યના ૧.૬૧ લાખ અને વડોદરામાં ૧૬,૩૭૯ કુટુંબો આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે.

દેશનાં કોઈ પણ ખૂણામાં સશક્ત પુરાવા તરીકે કાર્યરત આધાર કાર્ડ સાથે દરેક યોજનાઓને લિંક કરવાથી મોટી સંખ્યામાં લોકો વધુ સરળતાથી તેનો લાભ મેળવી શકે છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ રાજ્યમાં અંદાજિત ૭૨ લાખથી વધુ કુટુંબોની ૩.૫૦ કરોડ જનસંખ્યાને અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.વિશ્વની સૌથી મોટી એવી આ યોજના હેઠળ દેશના ૮૦.૩૫ કરોડ લાભાર્થીઓ લાભ મેળવી રહ્યા છે. આ કાર્યક્રમમાં ફોર્ટિફાઈડ(પોષણ યુક્ત) ચોખા અને તેની ઉત્તમ ગુણવતા વિષે ઓડિયો-વિડીયો માધ્યમ દ્વારા માહિતી આપવામાં આવી હતી તેમજ ઉપસ્થિત લાભાર્થીઓને ટોકન તરીકે ફોર્ટિફાઈડ ચોખાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ 'મેરા રાશન' એપ્લિકેશનની માહિતી આપી તેનો ઉપયોગ કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો હતો.

કેન્દ્ર સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગના સિસ્ટમ મેનેજર શ્રી અભિષેક કુમારે જણાવ્યું હતું કે વન નેશન, વન રાશન કાર્ડ યોજના ઓનલાઈન પદ્ધતિથી સંપૂર્ણ પારદર્શી પ્રણાલીથી સમગ્ર દેશમાં ચાલી રહી છે.આ યોજના હેઠળ લાભાર્થીઓ દેશના કોઈપણ ભાગમાંથી પોતાના હિસ્સાનું રાશન મેળવી શકે છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્યો સર્વશ્રી યોગેશભાઈ પટેલ, કેયુરભાઈ રોકડિયા,ચૈતન્યભાઈ દેસાઈ, અગ્રણી શ્રી વિજયભાઈ શાહ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નાયબ નિયામક શ્રીમતી મનીષાબેન પટેલ, નિવાસી અધિક કલેકટર ડો. બી.એસ. પ્રજાપતિ, જિલ્લા પુરવઠા અધિકારી ગીતાબેન દેસાઈ, કેન્દ્ર અને રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ,વન નેશન, વન રાશન કાર્ડ યોજનાના લાભાર્થીઓ સહિત દુકાનદારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## યુદ્ધવિરામની પ્રક્રિયા દરમિયાન અનેક ફેરફાર થઈ શકે છે

। જેરૂસાલેમ, તા.૨૫ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૪૭ દિવસોથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે આજથી હમાસ અને ઈઝરાયલ વચ્ચે ચાર દિવસ માટે યુદ્ધવિરામની શરૂઆત થશે તેવી શક્યતા છે. દુનિયાભરના દેશો આ યુદ્ધવિરામને લઈને રાહતના શ્વાસ લઈ રહ્યા છે ત્યારે ઈઝરાયલી સૈન્યના એક નિવેદને ફરી દુનિયાનું ટેન્શન વધારવાનું કામ કર્યું છે. ઈઝરાયલી સૈન્યએ આ યુદ્ધવિરામ અંગે વાતચીત કરતાં કહ્યું હતું કે અમારા સૈનિકો ગાઝામાં યુદ્ધવિરામની બોર્ડર પાછળ રહેશે. ઈઝરાયલી સૈન્યના પ્રવક્તા ડેનિયલ હગારીએ કહ્યું કે આ કપરાં દિવસો હશે અને કંઈ પણ નક્કી નથી. એટલું જ નહીં તેમણે કહ્યું કે આ યુદ્ધવિરામની પ્રક્રિયા દરમિયાન અનેક ફેરફાર થઈ શકે છે. ઉત્તર ગાઝા પર નિયંત્રણ એક લાંબા યુદ્ધની દિશામાં પ્રથમ પગલું છે. અમે આગામી તબક્કાની તૈયારી કરી રહ્યા છીએ. કતારમાં આ યુદ્ધવિરામને લઈને મધ્યસ્થીઓએ કહ્યું છે કે યુદ્ધ દરમિયાન બંધક બનાવાયેલા ૧૩ ઈઝરાયલી મહિલાઓ અને બાળકોના પ્રથમ જૂથને આજે મુક્ત કરાશે.

## ઉત્તરકાશીમાં ફરી શરૂ કરવામાં આવ્યું ડ્રિલિંગનું કામ

। નવી દિલ્હી, તા.૨૫ ।

રેસ્ક્યુ ઓપરેશનમાં ઉપયોગમાં લેવાતી ડ્રોન ટેક્નોલોજી અંગે સ્ક્વોડ્રન ઈન્ફ્રા માઈનિંગ પ્રાઈવેટ લિમિટેડના સ્થ અને CEO સિરિયક જોસેફે કહ્યું, આ (ડ્રોન) એક નવી ટેક્નોલોજી છે, જે ટનલ અને અન્ય દુર્ગમ સ્થળોની અંદર જઈ શકે છે. આ ડ્રોન દ્વારા લાઈવ સ્ટ્રીમ પણ કરી શકાશે. તેની મદદથી અમે દરેક ક્ષણ પર નજર રાખી રહ્યા છીએ, થોડી પણ હિલચાલ થશે તો ખબર પડી જશે. ઉત્તરકાશીની સિલક્યારા સુરંગમાં ફસાયેલા મજૂરોને બચાવવા માટે બચાવ અભિયાન ચાલુ છે. અત્યાર સુધીમાં ૪૮ મીટર પાઈપ ડ્રિલ કરવામાં આવી છે અને ૧૦ મીટર વધુ ડ્રિલિંગ બાકી છે. મશીનની ખામીને કારણે ડ્રિલિંગ બંધ થઈ ગયું છે જેના પર નિષ્ણાતો દ્વારા નજર રાખવામાં આવી રહી છે. શુક્રવાર (૨૪ નવેમ્બર) બપોર સુધીમાં કામદારોને બહાર કાઢવામાં આવે તેવી અપેક્ષા છે. ઓગર ડ્રિલિંગ મશીનમાં ટેકનિકલ ખામી સર્જાતા ડ્રિલિંગનું કામ બંધ કરાયું હતું. અત્યાર સુધી બચાવકર્મીઓ સિલક્યારા ટનલમાં ૪૬.૮ મીટર ડ્રિલ કરી ચૂક્યા છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં સુરંગમાં ફસાયેલા ૪૧ મજૂરોને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. બચાવ કામગીરી પૂર્ણ થવામાં વધુ સમય લાગી શકે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરંગમાં ફસાયેલા કામદારો માટે પુલાવ, વટાણા-પનીર અને રોટલી ડિનર માટે મોકલવામાં આવી હતી.



મંડીમાં ઈસકોન દ્વારા ભગવાન જગન્નાથની રથયાત્રા કઢવામાં આવી હતી રથયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.

## પાકિસ્તાનમાં હિંગળાજ માતા મંદિર તથા શારદા પીઠ તોડી પડાયું

। ઈસ્લામાબાદ, તા.૨૫ ।

પાકિસ્તાનમાં હેરિટેજને બચાવવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જે પ્રયાસો થઈ રહ્યા છે તે પણ પૂરેપૂરી રીતે અસરકારક સાબિત થઈ રહ્યાં નથી. ઉપરાંત, આ પ્રકારની ઘટનાઓ દર્શાવે છે કે પાકિસ્તાનમાં હિન્દુ સમુદાય અત્યાચારનો સામનો કરી રહ્યો છે. પાકિસ્તાનમાં કથિત રીતે હિંદુ મંદિરોને નિશાન બનાવવામાં આવે છે. અહેવાલ છે કે સિંધ પ્રાંતમાં સ્થિત હિંગલાજ માતાનું મંદિર તાજેતરમાં જ નષ્ટ થઈ ગયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાનમાં યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત સ્થળોનો પણ શિકાર થઈ રહ્યો છે. હાલમાં આ અંગે પાકિસ્તાન સરકાર કે ભારત સરકાર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ખાસ વાત એ છે કે શારદા પીઠને બચાવવાને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા પણ આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ મંદિર યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત સ્થળ છે. રિપોર્ટ અનુસાર, એવા સંકેતો મળી રહ્યા છે કે મંદિરની નજીક એક કોફી હાઉસ બનાવવામાં આવ્યું છે, જેનું ઉદ્ઘાટન આ નવેમ્બરમાં થવાનું છે. સરકારી સૂત્રોને ટાંકીને કહેવામાં આવી રહ્યું છે.

# રાહુલ ગાંધીનું એક્સ એકાઉન્ટ બંધ કરવાની ભાજપની માગ

### ભાજપે તેના પત્રમાં ચૂંટણી પંચને રાહુલ ગાંધી વિરુદ્ધ ફોજદારી ફરિયાદ દાખલ કરવા માટે પણ અપીલ કરી

। જયપુર, તા.૨૫ ।

આજે રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી માટે ૧૯૯ બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. ૧૯૯ વિધાનસભા બેઠકો માટે ૧,૮૬૩ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં આ વખતે કોંગ્રેસ-ભાજપ વચ્ચે ખરાખરી જંગ થવાની શક્યતા છે. એવામાં ભાજપએ ચૂંટણી પંચને પત્ર લખીને ફરિયાદ કરી છે કે કોંગ્રેસના સ્ટાર પ્રચારક રાહુલ ગાંધીએ આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. ભાજપે આરોપ લગાવતા કહ્યું કે, સોશિયલ મીડિયા હેન્ડલ એક્સના ઉપયોગ દ્વારા તેમણે આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. ભાજપે ચૂંટણી



પંચને સોશિયલ મીડિયા કંપની પાસે રાહુલ ગાંધીના એકાઉન્ટને તાત્કાલિક સસ્પેન્ડ કરવા અને વાંધાજનક કન્ટેન્ટને તાત્કાલિક દૂર કરવા માટેની અપીલ કરી છે. ભાજપે તેના પત્રમાં ચૂંટણી પંચને રાહુલ ગાંધી વિરુદ્ધ ફોજદારી ફરિયાદ દાખલ કરવા અને આ સંબંધમાં રાજસ્થાનના મુખ્ય ચૂંટણી અધિકારીને સૂચના આપવા માટે પણ અપીલ કરી છે. ભાજપે તેની ફરિયાદમાં રાહુલ ગાંધીના ટ્વીટનો સ્ક્રીનશોટ પણ શેર કર્યો હતો. રાહુલ ગાંધીએ આજે સવારે ૮.૪૦ વાગ્યે આ ટ્વીટ કર્યું હતું. આ ટ્વીટમાં તેમણે રાજસ્થાનમાં કોંગ્રેસની ચૂંટણી ગેરંટી વિશે જણાવ્યું હતું. ભાજપનો આરોપ છે કે, આચારસંહિતા હેઠળ મતદાનના ૪૮ કલાક પહેલા સાયલન્સ ઝોનની મર્યાદા શરૂ થઈ જાય છે અને કોઈ આ રીતે પ્રચાર કરી શકે નહીં. ભાજપનું કહેવું છે કે રાહુલ ગાંધીએ આ ટ્વીટ કરીને પીપલ્સ એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬નું ઉલ્લંઘન કર્યું છે.

# પાકિસ્તાનમાં વીઝા ઓફિસમાં TV પર શરૂ થઈ ગઈ એડલ્ટ ફિલ્મ

### બિહારની રાજધાની પટનામાં પણ થોડા સમય પહેલા આવી જ એક ઘટના પ્રકાશમાં આવી હતી, જે પટના રેલવે સ્ટેશન પર બની હતી

। નવી દિલ્હી, તા.૨૫ ।

પાકિસ્તાનના કરાચીમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કરાચીમાં UK વિઝા ઓફિસમાં ટીવી સ્ક્રીન પર અચાનક એક અશ્લીલ ફિલ્મ ચાલવા લાગી ત્યારે લોકો ચોંકી ઉઠ્યા હતા. પાકિસ્તાનમાં, જ્યારે લોકો તેમના દસ્તાવેજો સાથે લાઈનમાં ઉભા હતા, ત્યારે વિઝા સેન્ટરે આકસ્મિક રીતે મોટી સ્ક્રીન પર એક એડલ્ટ વીડિયો પ્લે કર્યો. આ પછી ત્યાં હાજર લોકોએ આ ઘટનાને કેમેરામાં રેકોર્ડ કરી લીધી, જેનો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે. કરાચીમાં યુકે ઓફિસમાં



લોકો તેમની પ્રવાસ સંબંધિત વિઝા પ્રક્રિયા પૂર્ણ કરવા આવ્યા હતા. આ પછી અચાનક વચ્ચે ટીવી સ્ક્રીન પર એક અશ્લીલ ફિલ્મ ચાલવા લાગી. મોટી સ્ક્રીન પર દેખાતી પોર્ન ફિલ્મ જોઈને બધા ચોંકી ગયા.ત્યાં હાજર એક વ્યક્તિએ આ સમગ્ર ઘટનાને કેમેરામાં કેદ કરી લીધી. જો કે, થોડા સમય પછી વિઝા ઓફિસના સ્ટાફે ઝડપથી મામલો થાળે પાડવા માટે ટીવી બંધ કરી દીધું. બિહારની રાજધાની પટનામાં પણ થોડા સમય પહેલા આવી જ એક ઘટના પ્રકાશમાં આવી હતી, જે પટના રેલવે સ્ટેશન પર બની હતી. આ મામલો માર્ચ મહિનાનો હતો. તે સમયે રેલવે પ્લેટફોર્મ સંપૂર્ણ ભરાઈ ગયું હતું. જેમાં મુસાફરોને આશ્ચર્ય થયું હતું. અહીં એડલ્ટ સ્ટાર કેન્દ્ર લસ્ટનો એક વીડિયો બતાવવામાં આવ્યો હતો, જેને જોઈને મુસાફરો ચોંકી ગયા. પોર્નસ્ટારે આ ઘટનાના વીડિયો પર પ્રતિક્રિયા પણ આપી હતી.

### અમેરિકાના ગનકલ્ચરનો ભારતીય મૂળના લોકો પણ ભોગ બને છે

## ઓહાયોમાં ૨૬ વર્ષીય ભારતીય છાત્ર કારમાં મૃત હાલતમાં મળ્યો

### વિદ્યાર્થી સિનસિનાટી યુનિ.માં મોલેક્યુલર અને ડેવલપમેન્ટલ બાયોલોજીમાં પીએચડીનો અભ્યાસ કરતો હતો

। ઓહાયો, તા.૨૫ ।

અમેરિકામાં ગન કલ્ચરના વધતા જતા દુષણનો ભોગ ભારતીય મૂળના લોકો અને ભારતીય વિદ્યાર્થીઓ પણ બની રહ્યા છે તેમજ અવાર-નવાર ભારતીય વિદ્યાર્થી પર હુમલાની ઘટના સામે આવે છે ત્યારે વધુ એક ભારતીય વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. અમેરિકાના ઓહાયોમા ૨૬ વર્ષીય ભારતીય વિદ્યાર્થી કારની અંદર મૃત હાલતમાં મળી આવ્યો હતો. પ્રાથમિક વિગત મુજબ વિદ્યાર્થીનુ નામ આદિત્ય અદલખા હોવાનું જાણાવા મળ્યું છે જે સિનસિનાટી યુનિવર્સિટીમાં મોલેક્યુલર અને ડેવલપમેન્ટલ બાયોલોજીમાં પીએચડીનો અભ્યાસ કરતો હતો. સ્થાનિક સુત્રોના અહેવાલ મુજબ આદિત્ય અદલખા સિનસિનાટીમાં વેસ્ટર્ન હિલ્સ વાયડક્ટ પર ડ્રાઈવ કરી રહ્યો હતો ત્યારે તેની કાર પર હુમલો કરવામાં આવ્યો હતો. કારની બારીમાં બુલેટના છિદ્રો પણ દેખાયા છે. આ ઘટના ૯મી નવેમ્બરના રોજ બની હોવાનું કહેવાય છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

### પાક.માં ભારતના વોન્ટેડ આરોપીઓની હત્યાથી ખોફ

## ભારતના વોન્ટેડ આતંકીઓની સુરક્ષા વધારવા પાકને ભલામણ

### આ માટે પાકિસ્તાનમાં કેટલાક લોકો ભારતની જાસૂસી સંસ્થાઓ જવાબદાર હોવાનું કહી રહ્યા છે

। ઈસ્લામબાદ, તા.૨૫ ।

પાકિસ્તાનમાં છેલ્લા કેટલાક વખતથી ભારતના મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ ગુનેગારો અને આતંકીઓની ટપોટપ હત્યા થઈ રહી હોવાથી ખોફનો માહોલ છે.

આ માટે પાકિસ્તાનમાં કેટલાક લોકો ભારતની જાસૂસી સંસ્થાઓ જવાબદાર હોવાનુ કહી રહ્યા છે અને હવે પાકિસ્તાને ભારતના વોન્ટેડના લિસ્ટમાં સામેલ હોય તેવા આતંકીઓની સુરક્ષા વધારવાની ભલામણ કરાઈ છે. એક મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, ભારતે આતંકીઓને ઢાળી દેવા માટે પાકિસ્તાનમાં રહેતા કેટલાક લોકોને કામ પર રાખ્યા છે.પાકિસ્તાનનો આરોપ છે કે, ભારત અને અફઘાનિસ્તાનની ઈન્ટેલિજન્સ એજન્સીઓએ હાથ મિલાવેલા છે અને ભારત હવે યુએઈને પણ પોતાના જાસૂસી ઓપરેશનો પાર પાડવા માટે બેઝ તરીકે ઉપયોગમાં લઈ રહ્યુ છે.

આ મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓ માની રહ્યા છે કે ભારત હત્યાઓ તેમજ હુમલાઓને અંજામ આપવા માટે પાકિસ્તાનના સ્થાનિક અપરાધીઓના નેટવર્ક સાથે મળીને કામ કરી રહ્યુ છે.મે મહિનામાં પાકિસ્તાનના ઈન્ટેલિજન્સ બ્યૂરોએ ચેતવણી આપી હતી કે, યુએઈ તેમજ અફઘાનિસ્તાનમાં ભારતના જાસૂસી નેટવર્કને એક્ટિવ કરવામાં આવ્યુ છે.રોના એજન્ટ પાકિસ્તાનમાં વોન્ટેડ લિસ્ટમાં સામેલ લોકોને ટાર્ગેટ કરવા માટે અફઘાનિસ્તાનમાં એક આતંકી પ્રશિક્ષણ શિબિર પણ ચલાવી રહ્યા છે.માટે પાકિસ્તાનમાં કેટલાક લોકોની સુરક્ષા વધારવાની જરુર.

### હમાસ જેવા કરવા પડશે હુમલા

## PM અને ગૃહમંત્રીને કરો ટાર્ગેટ, કાશ્મીર ફાઇટે લેટરથી આપી ધમકી

### હાઈ-પ્રોફાઈલ હસ્તિઓને ટાર્ગેટ કરવા આદેશ અપાયો

। નવી દિલ્હી, તા.૨૫ ।

આતંકી સમૂહ કશ્મીર ફાઈટની તરફથી એક ધમકીભર્યો લેટર સામે આવ્યો છે. આતંકવાદી સમૂહે આહ્વાન કર્યું છે કે જેવી રીતે હમાસે કેટલાક સમય પહેલા ઈઝરાયલ પર અટેક કર્યો હતો એવી રીતે હુમલા કરવા પડશે. આતંકી સમૂહ "કશ્મીર ફાઈટ"ની તરફથી એક ધમકીભર્યો લેટર મળી આવ્યો છે. તેમણે પોતાના સદસ્યોને પર્યટકો, બિન-સ્થાનિક લોકો અને સુરક્ષાબળોને ટાર્ગેટ કરવા કહ્યું છે. સાથે જ ટેરરિસ્ટ ગ્રુપ કશ્મીર ફાઈટે પોતાના સદસ્યોને પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીને ટારગેટ કરવાનાં પણ આદેશ આપ્યાં છે. કશ્મીર ફાઈટે પોતાના આતંકીઓને હાઈ-પ્રોફાઈલ હસ્તિઓને ટાર્ગેટ બનાવવા કહ્યું છે. સંગઠને ધમકીભરેલા લેટરમાં લખ્યું કે ગાઝામાં થઈ રહેલા નરસંહાર એ તમામ લોકોની આંખો ખોલનારો છે જે સંયુક્ત રાષ્ટ્ર અથવા તો અન્ય માનવાધિકાર સમૂહો અને દેશો પાસે અપેક્ષાઓ રાખે છે. સમૂહે કહ્યું કે મરી ગયેલી શાંતિ આ તથાકથિત શાંતિનાં રક્ષકો માટે જીવંત પ્રમાણ છે. જો આ પાખંડી ગાઝા નરસંહાર કરવા માટે તૈયાર છે તો HOJKનાં ભવિષ્ય માટે પણ વિચારો. હવે સમય આવી ગયો છે કે IIOJKમાં સશસ્ત્ર પ્રતિકાર લડવૈયાઓ પોતાની રણનીતિને બદલે અને સરમુખત્યારશાહી ભારતીય શાસન અને તેની આસપાસ હાઈ-પ્રોફાઈલ ટારગેટો પર ધ્યાન કેન્દ્રિત કરે.

**વિશેષ**

### બિલિયા ગામ ઉત્તર ગુજરાતમાં ઉદાહરણરૂપ ગામ છે : કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત

# બિલિયા કેળવણી ટ્રસ્ટ આયોજિત "સન્માન સમારોહ"માં ઉપસ્થિત રહેતા કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત

આજરોજ બીલિયા મુકામે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષતામાં સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આયોજકો દ્વારા મંત્રીશ્રીનુ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે સંબોધતા કહ્યું હતું કે, ૫૦ વર્ષ અગાઉ બિલિયા ગામના આગેવાનોએ ગામવાસીઓને શિક્ષિત કરવાનો ઉમદા વિચાર જનમાનસમાં પ્રસારિત કરવામાં આવ્યો હતો. શિક્ષણ માટે કામ કરતા બિલિયા ગામના તમામ આગેવાનોને હું અભિનંદન પાઠવું છું કે ૫૦ વર્ષ ના સમયાંતરે અહીંયા શિક્ષણ ક્ષેત્રે તેમજ ગામના વિકાસ માટે જે પ્રકારે પ્રયત્નો કર્યા છે, તે બીજુ કોઈ જ ના કરી શકે. કેબિનેટ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પાટીદાર સમાજે ગામ, રાજ્ય દેશ વિદેશમાં પોતાના કાર્ય વડે અદભુત કામ કર્યું છે જે અન્ય સમાજ માટે પ્રેરણારૂપ છે. વિશ્વના ખૂણામાં શિક્ષણ, વેપારના માધ્યમથી ક્રાંતિ લાવી છે. મેં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને કહ્યું હતું કે સર આ બિલિયા ગામ ઉત્તર ગુજરાતમાં ઉદાહરણરૂપ ગામ છે અહીંયા મંદિરો આવેલા છે. આ ગામ તમામ પ્રકારના સમાજને સાથે લઈને ચાલનાર ગામ છે. અહીંયા થતી સારી પ્રવૃત્તિઓના પડઘાઓ અન્ય ગામમાં પણ પડે છે. જેથી અન્ય ગામ માટે પણ પ્રેરણા સ્વરૂપ છે.

આ પ્રસંગે પૂર્વ કલેકટર, મહેંદ્રભાઈ પટેલ, સુરત કોર્પોરેટર નાગરભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ભાનુમતિબેન મકવાણા, અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.



## તંત્રી લેખ...

# ડીપફેકની આ સમસ્યા સોશ્યલ મીડિયા કે ઇન્ટરનેટની દુનિયામાં હાવી થઈ

ડીપફેક વિરુદ્ધ કેન્દ્ર સરકાર કાયદો બનાવવા જઈ રહી છે તે સ્વાગતયોગ્ય છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશ્યલ મીડિયા કંપનીઓ, એઆઈ કંપનીઓ અને અન્ય શોધકર્તાઓ સાથે બેઠક બાદ એ સ્પષ્ટ કરી દીધું છે કે ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય આગામી ૧૦ દિવસમાં ડીપફેકનો સામનો કરવા એક સ્પષ્ટ, કાર્યવાહી યોગ્ય યોજના જારી કરશે. સાથે જ કેન્દ્ર સરકાર નવી કાનૂની જોગવાઈઓનો એક મુસદો પણ તૈયાર કરશે, જેથી કોઈપણ પ્રકારની ખોટી માહિતી પર અંકુશ લગાવી શકાય. વાસ્તવમાં દુનિયામાં ડીપફેકની આ સમસ્યા સોશ્યલ મીડિયા કે ઈન્ટરનેટની દુનિયામાં એટલી હાવી થઈ ગઈ છે કે વડાપ્રધાન મોદી પણ જી-૨૦ના મંચ પરથી ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. ડીપફેકની શરૂઆત હાસ્ય-વિનોદ માટે થઈ હતી, પરંતુ હવે તેનો ઉપયોગ ચરિત્ર-હનન, શોષણ અને દુષ્પ્રચાર માટે વધુ થવા લાગ્યો છે. કોઈની છબિ બગાડવાનો આ ચસ્કો એટલા માટે પણ ચલણમાં આવ્યો છે કે ટેકનિકમાં હવે લોકો વધુ સક્ષમ થઈ ગયા છે. ઘણાં એવાં સોફ્ટવેર ઉપલબ્ધ છે જેના દ્વારા કોઈની છબિ સાથે રમત કરી શકાય છે. તેથી આ માત્ર હવે ગ્રાફિક્સ કે કલાત્મક કમાલ નથી, ગંભીર અપરાધનું પણ એક રૂપ છે. જે યોજના સામે આવી રહી છે તે અનુસાર ડીપફેક પર રોક લગાવવાની યોજનાના ચાર સ્તંભ હશે. ડીપફેકની તપાસ કરવી, આ ડીપફેકની ખોટી માહિતીઓને પરિદૃશ્યથી હટાવી કે ઘટાડીને ખતમ કરવી, આ અપરાધના રિપોર્ટિંગ-તંત્રને મજબૂત કરવું અને જાગૃતિ ફેલાવવી. આ યોજના વખાણવા લાયક છે અને આવા ઉપાય પહેલાં જ કરી લેવા જોઈતા હતા. જો હાલના કાયદાઓના દાયરામાં આ અપરાધ નથી આવતા તો નવા કાયદાની તૈયારી પ્રશંસનીય છે. જ્યારે કાયદો આવશે ત્યારે આવશે, સરકારે અત્યારથી જ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે ડીપફેકના જૂના કેસોની પણ તપાસ થશે અને દોષીતોને સજા પણ થશે. સરકારની આ જાહેરાત માત્રથી ડીપફેકના કિસ્સામાં ઘટાડો આવશે. દંડ નહીં હોવાને કારણે આ મહાજૂઠ્ઠાણું ફેલાવનારા ગલી-ગલીમાં ફૂટી નીકળ્યા છે. ખાસ કરીને સોશ્યલ મીડિયાથી થઈ રહેલી કમાણી પણ તેના માટે જવાબદાર છે. ડીપફેકને રોકવા માટે ખાસ કરીને સોશ્યલ મીડિયા મેનેજ કરતી કંપનીઓને પણ જવાબદાર બનાવવી પડશે. ડીપફેક વિરુદ્ધ બનનારો નવો કાયદો અનેક સ્તરો પર પરામર્શમાંથી પસાર થશે. તેમાં કોઈપણ પ્રકારના ગાબડાને અવકાશ ન રહેવો જોઈએ. રાજકીય સ્તર પર પણ ચરિત્ર-હનન માટે મહાજૂઠ ઘડવામાં આવે છે, તેથી મહાજૂઠનો સહારો લેનારા રાજકીય પક્ષો કે સંગઠનો કે કંપનીઓને જવાબદાર બનાવવી જરૂરી છે. એ સારી વાત છે કે તમામ સોશ્યલ મીડિયા કંપનીઓ એ વાત સાથે સહમત છે કે ડીપફેકનું લેબલિંગ અને વોટરમાર્કિંગ જરૂરી છે. આ જ વર્ષની શરૂઆતમાં તેલુગુ અભિનેત્રી રશ્મિકા મંદાનાનો એક નકલી વીડિયો વાયરલ થયા બાદથી સરકાર ગંભીર થઈ છે, પરંતુ આ દિશામાં અધિકારીઓએ પૂરતી ઈમાનદારીથી કામ કરવું જોઈએ.

## આતંકીઓ માટે વિશેષ દંડ જોગવાઈ સ્પષ્ટ હોવી જોઇએ

વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે સૌથી મોટા પડકારોમાંથી એક છે આતંકવાદ. તે વિશ્વભરમાં વિકાસ, આર્થિક ગતિવિધિઓ, રોકાણ, પર્યટન, પરિવહન, સુશાસન અને માનવાધિકારને નકારાત્મક રૂપે પ્રભાવિત કરે છે. તેથી તેના વિરુદ્ધ કઠોર કાર્યવાહી જરૂરી થઈ જાય છે, પરંતુ વૈશ્વિક આતંકવાદના મુકાબલાના માર્ગમાં એક મોટી અડચણ છે આંતરરાષ્ટ્રીય આતંકવાદની એક સાર્વભૌમિક પરિભાષાનો અભાવ. વિભિન્ન દેશો વચ્ચે આતંકવાદની સુસ્પષ્ટ પરિભાષા પર સર્વસંમતિ નથી અને ઈઝરાયલ-હમાસ યુદ્ધ દરમ્યાન એક વાર ફરીથી એ કોંપ્રિહેંસિવ કન્વેન્શન ઓન ઈન્ટરનેશનલ ટેરરિઝમના મહત્ત્વ અને જરૂરિયાતની ફરીથી ચર્ચા થઈ રહી છે. ૧૯૯૬માં યુએન મહાસભામાં તેને રજૂ કરતાં ભારતે કોંપ્રિહેંસિવ કન્વેન્શન ઓન ઈન્ટરનેશનલ ટેરરિઝમ (સીસીઆઈટી)ને આંતરરાષ્ટ્રીય આતંકવાદની એક સાર્વભૌમિક પરિભાષા પર યુએનના તમામ દેશો વચ્ચે સર્વસંમતિ બનાવવાના ઉદ્દેશ્યથી પસાર કર્યો હતો. આશા હતી કે યુએનના તમામ સદસ્યો તેને અંગીકાર કરશે, જેથી આંતરરાષ્ટ્રીય આતંકવાદના સામના માટે પરિભાષા અને સાથે જ અન્ય સ્તરો પર કાર્યવાહી માટે એક ગ્લોબલ લીગલ ફ્રેમવર્ક બનાવી શકાય. ભારત દુનિયાનો પહેલો દેશ હતો જેણે ૧૯૯૬માં યુએનમાં સીસીઆઈટીનો પ્રસ્તાવ મૂકતાં ચાર મુખ્ય બિંદુઓ પર ભાર મૂક્યો હતો. પહેલું, આંતરરાષ્ટ્રીય આતંકવાદની એક સાર્વભૌમિક પરિભાષા જેને યુએનના તમામ ૧૯૩ દેશો પોતાના અપરાધિક કાનૂનોમાં સામેલ કરે જેનાથી કોઈપણ દેશમાં ધાર્મિક, રાજકીય, વિચારધારાત્મક, નૃજાતીય કે કોઈ અન્ય આધાર પર આતંકી હિંસાને વાજબી ન ઠેરવી શકાય. આજે વિશ્વના કેટલાય દેશોમાં આ બધા આધારો પર આતંકવાદને યોગ્ય ઠેરવવામાં આવે છે. ભારતનું માનવું છે કે યુએન અંતર્ગત એક સાર્વભૌમિક પરિભાષા બનતાં આતંકવાદના દરેક રૂપનો વિરોધ કરવા માટે દેશો અને તેની સરકારોએ મજબૂર થવું પડશે અને તે રાજ્ય પ્રાયોજિત આતંકવાદને પણ વાજબી નહીં ઠેરવી શકે. બીજું, તમામ દેશોએ સીસીઆઈટી અંતર્ગત વિશેષ આતંક નિરોધક કાયદા બનાવીને એ જકાયદા અંતર્ગત આતંકીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવી પડશે, આતંકીઓ માટે વિશેષ દંડ જોગવાઈ સ્પષ્ટ હોવી જોઈએ. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જેવા દેશોમાં આતંકીઓ વિરુદ્ધ સાધારણ કાયદાઓ અંતર્ગત કાર્યવાહી થાય છે. આતંકીઓને મૃત્યુદંડ કે આજીવન સજા આપવાનાં ઉદાહરણ જોવા જ નથી મળતાં. તેથી ભારતે સીસીઆઈટીને અંગીકાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો. ભારતે આતંકીઓના સામના માટે વિશેષ આતંક નિરોધક કાયદા જેવા ગેરબંધારણીય ક્રિયાકલાપ રોકથામ અધિનિયમ, ૧૯૬૭ અને નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી એક્ટ ૨૦૦૮ બનાવી રાખે છે અને એનઆઈએ એક્ટ અંતર્ગત તો એનઆઈએના સ્પેશ્યલ કોર્ટ દ્વારા આતંકીઓને દંડિત કરવામાં આવે છે. ત્રીજું, ભારતે સીસીઆઈટી અંતર્ગત ત્રીજી મુખ્ય વાત એ કહી છે કે તમામ દેશ પોતાને ત્યાં આતંકી સંગઠનોને પ્રતિબંધિત કરે અને આતંકી શિબિરોને નષ્ટ કરે. સીસીઆઈટીનું મહત્ત્વ પણ એ જ છે કે જો યુએનમાં એ પસાર થાય છે તો કેટલાય દેશોએ આ બંને મામલે રાજકારણ કરવાનો મોકો નહીં મળે, જેવું કે ચીન યુએન મહાસભામાં કરતું આવ્યું છે અને પાકિસ્તાની આતંકી સંગઠનોને પ્રતિબંધિત થવાથી બચાવે છે. ચોથું, ભારતનું કહેવું છે કે સીસીઆઈટી અંતર્ગત યુએન આંતરરાષ્ટ્રીય આતંકવાદને વૈશ્વિક સ્તર પર એક પ્રત્યાર્પણ યોગ્ય અપરાધ જાહેર કરી દે, જેથી જો બે દેશો વચ્ચે પ્રત્યાર્પણ સંધિ ન પણ થાય તો પણ એક દેશમાં આતંકી હુમલો કરીને બીજા દેશમાં છૂપયેલા આતંકીને પ્રત્યાર્પિત કરી શકાય.

# ચીનમાં ભેદી તાવનો હાહાકાર! નવી મહામારીનો ખતરો! શું ફરીથી એ જ કોરોના જેવી કપરી પરિસ્થિતિ થશે!



### સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



વર્તમાન પત્રમાં રોજ કેટલીય પ્રકારના સમાચારો આવતા હોય છે, દાખલા તરીકે આઈ.એસ.આઈ.એસ ના આતંકીની કબુલાત કે અમદાવાદ ગાંધીનગરમાં મોટા હુમલાનું કાવતરું ઘડાયું હતું, અને મુંબઈના બે પ્રસિદ્ધ વિસ્તારમાં પણ બોમ્બ બ્લાસ્ટનો ટાર્ગેટ હતો. તો પીએમ મોદી વિરુદ્ધ બોલીને રાહુલ ગાંધી ફરીથી મુશ્કેલીમાં મુકાયા, ચૂંટણી પંચે નોટિસ આપી. રાજસ્થાન ચૂંટણી પ્રચારના પડગામ શાંત થયા, સીએમ ગેહલોતે પાયલોટને ગદ્દાર કહ્યાં, અને આમ કોંગ્રેસે ગુર્જરોનું અપમાન કર્યું એવું મોદીએ કહ્યું. તો મમતા બેનર્જીએ ટ્વિટ કર્યું કે અમુક અપશુકનિયાળ લોકો મેચ જોવા ગયાં એમાં ઈન્ડિયા મેચ હારી ગયું. વિકાસની વાત કરીએ તો ગુજરાતમાં જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૧૮ ઔદ્યોગિક પાર્ક શરૂ કરાશે. હવે દરેક મેડીક્લેમ ધારકોને કેશલેસની સુવિધા આપવાની આઈ આર ડી એ દ્વારા હિલચાલ. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સમયે અમદાવાદમાં જાન્યુઆરી માસમાં ઈન્ટરનેશનલ ફ્લાવર્સ યોજાશે. લીલાછમ વૃક્ષો કાપવાથી પાટનગરમાં એટલે કે ગ્રીન સિટી ગાંધીનગરમાં એ હવા પ્રદુષણનો આંક ૨૦૭, અમદાવાદ ગેસપુર, વટવા, રખિયાલ સૌથી વધુ પ્રદૂષિત, એમનો પ્રદૂષણનો આ ૩૩૫ સુધી પહોંચ્યો. પ્રણવ જ્વેલર્સ પર ઈડી ના દરોડા, વાંધાજનક દસ્તાવેજો અને ૨૩.૭૦ લાખ રોકડ અને ૧૧.૬૦ કિલો સોનાના ઘરેણા જપ્ત. ચંદ્રની ધરતી પર ચીનના રોકેટ બુસ્ટરના પ્રહારથી બે ઉલ્કાકુંડ બન્યાની આશંકા! નાસાના વિજ્ઞાનીઓના કહેવા મુજબ ૨૦૨૨ ની ૪ માર્ચે ચીનનું રોકેટ બુસ્ટર ચંદ્રની અંધારી બાજુની ધરતી પર ટકરાયું હતું. સમાજવાદી પાર્ટીના નેતા સ્વામી પ્રસાદ મોર્ય ના વિચિત્ર નિવેદનથી વિવાદ ઉભો થયો છે કે, રામાયણ મહાભારત ભણાવવાથી મહિલાઓ પર અત્યાચારો વધશે. સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા જજ ફાતિમા બીવી નું અવસાન.

આ અને આવા બીજા કેટલાય સમાચારો દરેક વર્તમાન પત્રમાં જે તે શહેરની ક્રિયાને પ્રતિક્રિયાઓ કે ઘટનાઓથી ભરાયેલ હોય છે. પણ એક સમાચાર જરાં આપણને ફરી એ દોઝખમાં ધકેલી શકે એવા છે, કે ચીનમાં ભેદી તાવનો હાહાકાર! નવી મહામારીનો ખતરો, બેઈઝિંગ અને લીયાઓનીંગની હોસ્પિટલો બાળકો યુવાનોથી ઉભરાઈ અને શાળા કોલેજો બંધ કરાયા. આ સમાચાર વાંચીને કે સાંભળીને સૌ કોઈને કોરોનાનો એ કપરો કાળ યાદ આવી જાય, કારણ કે કોરોના પણ ચીનમાંથી જ આખા વિશ્વમાં પ્રસર્યો હતો, અને આશ્ચર્યની વાત તો એ છે કે ૨૦૧૯ ના આ સમયગાળા દરમિયાન જ ચીનમાં કોરોનાવાયરસના કેસોએ દેખા દીધી હતી. હવે એ એના લેબોરેટરી જન્ય ઉપજાવેલો હતો કે, થયા પછી એ વિશ્વમાં પ્રસરાયો, એ વાત એક બાજુએ મૂકીએ, તો પણ ચીન એ અત્યારે મોટી વસ્તી ધરાવતો દેશ હોવાથી એના નાગરિકોનું અન્ય સર્વ દેશોમાં આવન જાવન થતું હોય, અને આ બીમારી પણ પ્રસરી શકવાની પૂરેપૂરી સંભાવના દેખાય છે. ત્યારે આપણે સૌએ આ બીમારી શું છે? એ જાણવું અને એનાથી કેમ બચવું? એ જાણવાની તાતી જરૂર છે, નહીં તો કોરોનાનો કાળ હજી બે વર્ષ પહેલા જ ગયો, એટલે આપણે સૌ કોઈ એને વિશે જાણીએ જ છીએ. કેટલા કેટલા સ્વજનોને આપણે ગુમાવ્યા હતાં, એ બધી જ કડવી યાદો ફરીથી મનમાં ડર કે ભય ઉત્પન્ન કરે છે, અને શું વળી પાછો કોઈ અન્ય વાયરસનો કાળ આવશે! એવી એક દહેશતમાં સૌએ જીવવું ન હોય તો, આ રોગ બાબત ચોકન્ના રહેવાની જરૂર છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની દુનિયાભરની સ્વાસ્થ્ય એજન્સીઓએ પણ સાવધાન રહેવાની ચેતવણી આપી છે, અને ચીનને દર્દીના લક્ષણો અને સંખ્યા જણાવવા તાકીદ કરી છે. ચીનના જણાવ્યા મુજબ ફેફસામાં સોજો તાવ ઉધરસ શ્વાસ લેવામાં મુશ્કેલી જેવા કોરોના વખતના લક્ષણો જોવા મળ્યા હોવાનું દાવો છે, અને પ્રોમેડ નામની હેલ્થ ઓર્ગેનાઈઝેશન સંસ્થાનો દાવો છે કે ૨૦૧૯ માં કોરોના વાયરસ પણ ચીનની બેદરકારીથી જ ફેલાયો હતો. હાલમાં પણ ચીનમાં અસંખ્ય લોકો નવા પ્રકારના તાવમાં ફટકાયા છે, અને એમાં પણ બાળકો અને યુવાનોમાં આ રોગ ઝડપભેર પ્રસરી રહ્યો છે આ તાવથી ફરી કોરોના જેવી નવી મહામારીનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે એવું ત્યાંના લોકો પણ કહી રહ્યા છે. મૂળમાં તો ફેફસા પર આક્રમણ કરનારો આ વાયરસ ન્યુમોનિયા જેવી સ્થિતિમાં દર્દીને ઢસડી જાય છે, અને ફેફસા કમજોર થતાં પછી કેટલી એ પ્રકારની નવી બીમારીઓનો ઉદભવ થાય છે.

૨૦૧૯ માં એટલે કે બરાબર ચાર વર્ષ પહેલા કોરોના આ સમય ગાળા દરમિયાન જ ત્રાટક્યો હતો. ચીનના વુહાન શહેરની લેબોરેટરી માંથી કોરોના નો વાયરસ ફેલાયો હતો, અને ડિસેમ્બર ૨૦૧૯ માં વુહાનના મચ્છી બજારમાં કોરોના નો સૌપ્રથમ કેસ નોંધાયો હતો. એ મહા સત્તા બનવાની ચાલ હતી કે પછી વધતી જતી વસ્તીને કંટ્રોલ કરવાની આવી ઘાતકી ચાલ કે પછી ચીનનું અન્ય કોઈ કાવતરું હતું એ રામ જાણે! વિશ્વમાં આ રીતે દહેશત ફેલાવવાનું જે કારણ હોય તે, પરંતુ નવેમ્બર ડિસેમ્બર અંતર્ગત સંધિકાળની ઋતુનો સમય હોય છે, એટલે કે શરદ અને હેમંતના સંધિ કાળનો સમય. મોટેભાગે દરેક ઋતુના સંધિ કાળમાં કોઈને કોઈ પ્રકારની વાયરસ જન્ય બીમારી થવાની શક્યતા રહેલી છે, અને આપણે ત્યાં એટલે જ આ સમયને ધર્મ સાથે જોડી એકટાણાં ઉપવાસ કે પછી અન્ય રીતે યમ નિયમ માં બાંધવામાં આવે છે. ભગવાન ધનવંતરી કે જેનો ધનતેરસના દિવસે સમુદ્રમંથન સમયે ઉદભવ થયો હતો, એનો ગ્રંથ આર્યુવેદ માં આ પ્રકારના વાયરસ જન્ય રોગ માટે ઘણી બધી ચિકિત્સાઓ બતાવી છે, અને સૌથી સારી વાત તો એ છે કે એમાં મોટાભાગની ચિકિત્સા આપણા રસોડામાં જ ઉપલબ્ધ હોય છે. એટલે કે સીધા સાદા હળદર, સૂંઠ, મરી, તજ, તુલસી, આદું ફુદીનો સીંધવ કે સંચળ વગેરે ના સેવનથી ગળા અને ફેફસાને લગતા મોટાભાગના રોગોમાં ફાયદો જોવા મળે છે, અને જેને વાયરસ લાગુ પડ્યો નથી, તે સુરક્ષિત પણ રહે છે. તો આપણે તો ડરવાની જરૂર નથી આપણી પાસે ઔષધી તૈયાર જ છે આ ઉપરાંત સરકારની આયુષ્યમાન વેબસાઈટ પર પણ ઘણી બધી જાતના ઘરગથ્થુ ઉપચાર બતાવ્યા છે, તો એનો ઉપયોગ કરીને પણ આપણે કોઈપણ રોગ સામે રક્ષણ મેળવી શકીશું. પણ ચિંતા બીજી છે! દિવસે દિવસે માનવી સ્વ કેન્દ્રિત જીવન જીવતો થઈ ગયો છે, અને એને પોતાના મોજ શોખ અને ભોગવિલાસ પુરા કરવા માટે ક્યારેક પરિવાર પણ એને બોજારુપ લાગતો હોય છે, અને ઘણીવાર તો આ બધું એટલું સુક્ષ્મ હોય છે કે એને પણ ખ્યાલ રહેતો નથી! એને કારણે જ સમાજમાં અનાથ આશ્રમ, તેમજ વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જ જાય છે. એટલે જ્યારે કોઈ આવી મહામારીના સંકેતો દેખાય, ત્યારે સૌથી વધુ ચિંતા માનવીના સ્વાસ્થ્ય કરતા સમાજના સ્વાસ્થ્યની વધુ થાય, એ એક સમાજ સેવિકા હોવાને નાતે સ્વાભાવિક છે. કારણ કે માનવી પોતાનું સ્વાસ્થ્ય તો જાળવી લેશે, પણ આ વાયરસ ચેપી છે, એવી વાત જો મનમાં ઘર કરી જાય તો સંબંધોને પણ એકકોર મૂકી દેતા અચકાતો નથી, અને એને કારણે લાખોની સંખ્યામાં સમાજના એવા કેટલાય વર્ગો આ રોગ સામે ઝઝુમવું, કે પેટની ભૂખ સામે ઝઝૂમવું? એ પ્રશ્નાર્થ તળે અહીંથી તહીં અટવાશે. તો મિત્રો ઈશ્વર કરે આવી કોઈ નવી મહામારી ફરીથી ઉદ્ભવે જ નહીં, પરંતુ જો કંઈ એવા એંધાણ મળે તો આપણી સાથોસાથ આપણી આસપાસના પરિસરમાં વસતા લોકો એ બીમારીનો કે પછી અન્ય કોઈ રીતે એટલે કે રોજીરોટીની રીતે પરેશાન ન થાય, એ જોવાનું આપણું કર્તવ્ય કે ફરજ છે. જો એ તક ચૂકી જશું તો ભૂખ વિકાર બની બંડ પોકારશે, અને સમાજ હજી વધુ અશાંત થશે. માટે પોતાના ભાઈબહેન સમજી એ સૌને મદદ કરીને, આપણે આપણા દેશસેવા કે દેશપ્રેમનો દાખલો બેસાડવાનો છે એટલું અવશ્ય યાદ રાખવું. વધુ તો શું કહું કોરોનાનો કાળ આપણે સૌએ વેઠ્યો જ છે!!! જય હિન્દ.

# સોમવારે કારતક સુદ પૂનમ દેવ દિવાળી અને ગુરૂ નાનકજીની ૫૫૨મી જન્મ જયંતી કંઈક બોધપાઠ મેળવીએ

### વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા







સૌને જય માતાજી,આવતી કાલે કારતક સુદ પૂનમ સોમવારે દેવ- દિવાળી અને શીખ ધર્મના સ્થાપક અને પહેલા એક આધ્યાત્મિકગુરુ કવિ અને સમાજ સુધારક ગુરુ નાનક દેવની ૫૫૨મી જન્મ જયંતી છે. તો આજે જોઈએ દેવ દિવાળીના પર્વ અને ગુરૂ નાનકજી વિશે.

તહેવારોનો રાજા છે. હિંદુ ધર્મની માન્યતા પ્રમાણે કાળી ચૌદશના દિવસે શ્રીકૃષ્ણે નરકાસુર નામના રાક્ષસનો વધ કરી પ્રજાને તેના ત્રાસમાંથી છોડાવેલી તેની સ્મૃતિ માં દીપમાળા ઓ પ્રગટાવીને દિવાળીનો તહેવાર ઉજવાય છે. ભગવાન મહાવીર દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા હતા, તેથી જૈનધર્મીઓ માટે પણ દિવાળીનો તહેવાર ખૂબજ આધ્યાત્મિક મહત્વ ધરાવે છે.ભારતભરના તમામ ધર્મોના લોકો આ તહેવાર ભારે ઉત્સાહથી અને ઉલ્લાસથી ઉજવે છે. કારતક સુદ પૂનમના રોજ ઉજવવામાં આવતી 'દેવ દિવાળી'ના સંદર્ભમાં એક પૌરાણિક કથા પણ સંકળાયેલી અને પ્રચલિત છે.દેવ-દિવાળીની પૌરાણિક કથા -ત્રિપુર નામનો મહા દૈત્ય પ્રયાગક્ષેત્રમાં તપ કરતો હતો. તેણે ઉગ્ર તપશ્ચર્યા કરી.એના તપ ના તેજ અને પ્રભાવથી ત્રિભુવન પણ બળવા માંડયા એને સંમોહિત કરવા દેવોએ અનેક અપ્સરાઓ મોકલી અને વિવિધ ઉપાયો કર્યા, પરંતુ તપસ્વી દૈત્ય ચલિત થયો નહીં અને કામ,ક્રોધ કે લોભને પણ વશ થયો નહીં, અને તેણે બ્રહ્માજી ને પ્રસન્ન કરી અમરત્વ માગ્યું. ત્યારે બ્રહ્માજી બોલ્યા,'હે વત્સ! મારું પણ મરણ થાય છે તો પછી અન્યની તો શી વાત કરવી? શરિર ધારીઓ માટે મરણ અનિ વાર્ય છે એટલે મારી પાસેથી અન્ય વરદાન માગી લે.'ત્રિપુર બોલ્યો: 'હે પિતા મહ! દેવથી, મનુષ્યથી,રાક્ષસથી, સ્ત્રી ઓથી કે રોગથી મારું મૃત્યુ થાય નહીં એવું મને શ્રેષ્ઠ વરદાન આપો.''તથાસ્તુ' કહીને બ્રહ્મદેવ સત્યલોકમાં ગયા.ત્રિપુરાસુરને વરદાન પ્રાપ્ત થયું છે એ સમાચાર સાંભળી, અનેક દૈત્યો એની પાસે આવ્યા. ત્રિપુરાસુરે દૈત્યોને આદેશ આપ્યો કે, 'આપણા વિરોધી દેવોને હણી નાખો.એમ ન થાય તો એમની પાસેની સર્વોત્તમ વસ્તુઓ છીનવી લો અને મને સમર્પિત કરો' દૈત્યરાજ ત્રિપુરની આજ્ઞા થતાં, સર્વ દૈત્યોએ સર્વ દેવોને, સર્પોને અને યક્ષોને બંદીવાન બનાવી ચોતરફ હાહાકાર મચાવી દીધો. વિશેષમાં ત્રિપુરનાં વચનોને અનુસ રતા વિશ્વકર્માએ ત્રિપુરની રચના કરી. જે તેજ ગતિથી ઉડનારાં ધાતુનાં વિમાન જેવાં ત્રણ પુર હતાં. ત્રિપુરાસુર એક પુરથી પાતાળમાં, એક પુરથી સ્વર્ગમાં અને એક પુરથી પૃથ્વી પર ઈચ્છા નુસાર વિચરતો અને વિનાશ સર્જતો. દેવો ત્રસ્ત અને લાચાર બન્યા. આગળની કથા અનુસાર ઈન્દ્ર, બ્રહ્મા અને વિષ્ણુ તેમજ નારદમુનિનું મિલન થયું સૌએ શિવજીને મળી ત્રિપુરાસુરના સંહાર માટે તેમનું શરણ સ્વીકાર્યું. દેવર્ષિ નારદજીની માયાથી પ્રેરિત ત્રિપુરાસુરે કૈલાસ પર આક્રમણ કર્યું.ત્રણ દિવસ સુધી સર્વ એક ત્રિત દેવો સાથે ત્રિપુરાસુરે મહાયુદ્ધ કર્યુ અને કાર્તિક માસની શુકલ પક્ષની પૂર્ણિમાને દિવસે ભગવાન શિવજીએ એક જ બાણથી ત્રિપુરાસુરને મારી નાખ્યો,એટલે સર્વ દેવો પ્રસન્ન થયા હર્ષોલ્લાસથી તેઓએ સદાશિવને પ્રસન્ન કરવા દીપ સમર્પિત કર્યા અને દિવાળી જેવો ઉત્સવ પણ ઉજવ્યો.આથી આ દિવસને 'દેવદિવાળી' તરીકે ઓળખવામાં આવે છે. કારતક પૂર્ણિમા,'દેવદિવાળી'ના દિવસે જે કોઈ વ્યકિત પરમાત્માનું સ્મરણ કરી સાતસોવીસ દીવા કરે એ સર્વ પાપોમાંથી મુકત થાય છે. આ દીપ પ્રાગટય અને તેનાં દર્શન થકી તેને સુખ-શાંતિ, સમૃદ્ધિ અને અભ્યુદય તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવું પૌરાણિક ગ્રંથમાં કહેવાયું છે. 'દેવદિવાળી'ની સમાપ્તિ સાથે જ દીપાવલીનો મહોત્સવ પૂર્ણવિરામ પામે છે અને તે સાથે જ શરૂ થાય છે..'શુભ લગ્નોની સિઝન'એટલે કે લગ્નોત્સવ લગ્નોત્સુક યુવક-યુવતીઓના પરિવારોમાં શુભ મુહૂર્ત-દિને તોરણો બંધાય છે, મંગળગીતો ગવાય છે, ઢોલ ઢબૂકે છે અને વરકન્યા પ્રભુતામાં પદાર્પણ કરે છે.લગ્ન મુહૂર્તોનો વિચાર કરીએ તો તેમાં દરેક વાર લઈ શકાય છે. તિથિઓમાં શુકલ પક્ષની એકમ, કૃષ્ણપક્ષની તેરસ, ચૌદસ, અમાસ અને ક્ષય તેમજ વૃદ્ધિતિથિનો ત્યાગ કરી બાકીની લઇ શકાય છે. અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, મઘા, ઉ.ફા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા મૂળ, ઉ.ષા. શ્રવણ, ધનિષ્ઠા,ઉ.ભા. અને રેવતીએ પંદર નક્ષત્રો લગ્ન માટે સામાન્ય રીતે લેવામાં આવે છે. વિશેષમાં, જે નક્ષત્રોમાં શનિ, રાહુ અથવા કેતુ હોય એ નક્ષત્રો તેમજ જે નક્ષત્રોના છ માસ દરમિયાન ગ્રહણ થયેલું હોય તે પણ ત્યાજય ગણાય છે. દિવાળીએ સ્વરછતા, પ્રકાશ, આનંદ અને ઉત્સાહનું મહાપર્વ છે, અને તેના અંતિમ ચરણમાં 'દેવ દિવાળી'એ જાણે આ મહાપર્વના સમાપન રૂપે ઉજવાય છે! કારતક સુદ પૂનમ દેવ દિવાળી અને ગુરૂ નાનકજીની ૫૫૨મી જન્મ જયંતી ૨૭/૧૧/૨૦૨૩ને સોમવારે છે. ગુરુ નાનક દેવ શીખ ધર્મના સ્થાપક અને પહેલા ગુરુ હતા. તેઓ એક આધ્યાત્મિક ગુરુ કવિ અને સમાજ સુધારક હતા. સત્યાવીસમી નવેમ્બર સોમવારે તેમની ૫૫૨મી જયંતી છે.ગુરુ નાનક સમાજમાંથી જ્ઞાતિવાદને દૂર કરીને દરેક મનુષ્ય એક સમાન હોવાના વિચારને પ્રાધાન્ય આપ્યું હતું. તેમણે એક ઈશ્વરની ઉપાસના ને મહત્ત્વ આપ્યું. તેમણે પોતાનો સંદેશ ગુરુબાની તરીકે નોંધીને પોતાના શ્રદ્ધાળુઓ સુધી પહોંચાડ યો હોવાનું મનાય છે. શીખ ધર્મમાં ઈશ્વર માત્ર એક જ છે એવું માનવામાં આવે છે અને તેમાં શીખ ધર્મના દશેય ગુરૂઓની જન્મ જયંતિને હર્ષોલ્લાસભેર ઉજવવા માં આવે છે. તેમાં પણ શીખ ધર્મ ના પહેલા ગુરૂ એવા ગુરુ નાનક સાહેબની જયંતિનું વિશેષ મહત્વ છે. ગુરૂઓનો જન્મ દિવસ ગુરૂ પૂરબ તરીકે પણ ઓળખાય છે. શીખ ધર્મના સંસ્થાપક ગુરૂ નાનક દેવનો જન્મ વીસમી ઓક્ટોબર ૧૪૬૯ના રોજ કારતક સુદ પૂનમે લગભગ એક વાગીને ચાલીસ મિનીટે પાકિસ્તાનના શેખપુરા જીલ્લાના રાય ભોઈ દી તલવંડી ખાતે થવો હતો.તેમના જન્મ દિવસના ઉપલક્ષ્યમાં દર વર્ષે કાર્તક સુદ પૂનમના દિવસે ગુરૂ નાનક જયંતિ મનાવવામાં આવે છે.

તેમનો જન્મ રાત્રિના સમયે થયો હોઈ ગુરૂ નાનક જયંતિની રાત્રે જાગરણ કરવામાં આવે છે. ધાર્મિક દ્રષ્ટીએ આ તહેવારને શીખોનો સૌથી મહત્વનો તહેવાર માનવામાં આવે છે. શ્રદ્ધાળુઓ રાત્રે કિર્તન અને સત્સંગ કરે છે.

ગુરૂ મહારાજના પ્રકાશ (જન્મ) સમયે ફૂલોનો વરસાદ કરે છે તેમજ ફટાકડા ફોડે છે અને સામૂહિક પ્રાર્થના કરે છે. પ્રભાતકાળમાં શ્રદ્ધાળુઓ સ્નાનાદિ કરીને પાંચ વાણીનો 'નીત નેમ' એટલે કે દૈનીક પ્રાર્થના કરીને ગુરૂદારા સાહેબમાં ગુરૂ નાનકદેવજીને વંદન કરે છે.

આ દિવસે પોતાની મહેનતની કમાણીનો દસમો ભાગ ગરીબો અને ધાર્મિક કાર્યોમાં અર્પણ કરવાનો તેમજ લંગરમાં જઈને સેવા કરવાનો ખાસો મહિમા છે.

ગુરૂ નાનકદેવજીએ નિષ્ઠાવાન શીખ લોકોને ત્રણ નિયમોનું પાલન કરવાનું કહ્યું છે. એ ત્રણ નિયમો છે ઈશ્વરની આરાધના, મહેનતની કમાણી અને ગરીબોને દાન. ગુરૂ નાનક જયંતિના બે દિવસ પહેલા ગુરૂદ્વારાઓમાં ગુરૂ ગ્રંથ સાહેબનો અખંડ પાઠ કરવામાં આવે છે. ગુરૂ નાનકજીને લાખ લાખ વંદન..સહ સૌને દેવ દિવાળીના સાલ મુબારક.. નૂતનવર્ષાભિનંદન અસ્તુ.

## ઘઉંનો પણ બાપ છે આ લોટ



વિટામિન બી ૧૨ની કમી શરીરને નબળું બનાવી દે છે. એટલા માટે તેને વધારનારા ફુડનો ઉપયોગ કરવો જોઈએ. ચેટજીપીટીએ તેનાથી ભરપૂર અમુક શાકાહારી વસ્તુઓ બતાવી છે. ઘઉં સૌથી વધારે ખવાતું અનાજ છે. દરેક ઘરમાં ઘઉંના લોટની રોટલી ખાવામાં આવે છે. તે ફાઈબર પ્રોટીન, કાર્બ્સ અને કેટલાય પોષક તત્વોનો સમૃદ્ધ સ્રોત છે. પણ તેમાં ગ્લૂટેન પણ હોય છે, જે એલર્જી ઉત્પન્ન કરે છે. તેમાં જરુરી વિટામિન બી ૧૨ પણ નથી હોતું. વિટામિન બી ૧૨ની કમીના લક્ષણ- આજકાલ લોકોમાં વિટામિન બી ૧૨ની કમી વધતી જાય છે. એનએચએસ જણાવે છે કે, તેની કમીથી માથાનો દુખાવો, ભૂખ ન લાગવી, નબળી યાદશક્તિ, થાક, નબળાઈ, સોજાયેલી જીભ, શ્વાસની તકલીફ ઊભી કરે છે. તે માઈક્રોન્યૂટ્રિએંટ ચિકન, મીટ, માછલી, ઈંડાથી ભરપૂર હોય છે. પણ આ તમામ ફુડ નોન વેજિટેરિયન છે, જેને શાકાહારી લોકો નથી ખાઈ શકતા. પણ ગભરાવાની કોઈ વાત નથી. કેમ કે ચેટજીપીટીએ વિટામિન બી ૧૨થી ભરેલા શાકાહારી ખાદ્ય પદાર્થોની આખી લિસ્ટ આપી છે. ચેટજીપીટી બતાવે છે કે, વેજ ફુડમાં વિટામિન બી ૧૨ થોડી માત્રામાં હોય છે. એટલા માટે ફોર્ટિફાઈડ અનાજનું સેવન કરી શકે છે. તેમાં રાજમા અને મકાઈનો લોટ સામેલ છે. તે ખાદ્ય પદાર્થ નસોની નબળાઈને દૂર કરવાનું કામ કરે છે. સોયા ખાવાની પ્રોટીન, કેલ્શિયમ, આયરન, વિટામિન સી, મેગ્નેશિયમ મળે છે. તેને ફોર્ટિફાઈડ કરીને કોબાલામિન પણ નાખે છે. તેનાથી બનેલા દૂદ-દહીનું સેવન આપના શરીરને દેસી રીતે તગડું બનાવી શકે છે. તે પનીરની માફક દેખાતું એક ફુડ છે. જેને સોયાબીનથી બનાવવામાં આવે છે. તે બિલ્કુલ ગ્લૂટેન ફ્રી હોય છે, જે નબળા હાડકામાં જાન ભરી દે છે. આપ તેને પનીરની માફક શાક બનાવીને પણ ખાઈ શકો છો. ડેરી પ્રોડક્ટ લેવાથી પ્રાકૃતિક રુપથી વિટામિન બી ૧૨ વધે છે. દૂધ, દહીં, પનીર ખાવાથી પ્રોટીન, કેલ્શિયમ સહિત કેટલાય વિટામિન તથા મિનરલ મળે છે. જો કે, લેક્ટોઝ ઈનટોલરેન્સથી પીડિત લોકોએ તેનું સેવન કરવું જોઈએ નહીં. યીસ્ટ એક વીગન ફુડ છે. જેને ખાવાથી સ્વાદિષ્ટ બનાવવામાં ઉપયોગ કરી શકાય છે.



## વરસાદમાં અસ્થમાના દર્દીઓને વધી જાય છે જોખમ, જાણો બચવા માટે શું કરશો

અસ્થમાની તકલીફ ચોમાસાની સિઝનમાં વધારે થાય છે. આ સિઝન એક એવી છે જેમાં હેલ્થનું ધ્યાન વધારે રાખવુ પડે છે. અસ્થમાના દર્દીઓ ચોમાસાની સિઝનમાં ધ્યાન રાખતા નથી તો અનેક તકલીફો થઈ શકે છે. ચોમાસાની સિઝનમાં હેલ્થની કેર કરવી ખૂબ જરૂરી છે. આ સિઝનમાં તમે હેલ્થની કેર પ્રોપર રીતે કરતા નથી તો અનેક સમસ્યાઓ વધી શકે છે. આ સિઝનમાં ખાસ કરીને અસ્થમાના દર્દીઓને વધારે તકલીફ પડે છે. આ દિવસોમાં તડકો બરાબર ના નિકળવાને કારણે શ્વાસ લેવામાં અનેક તકલીફ પડે છે. આ સમયે અનેક પ્રકારના પ્રોબ્લેમ્સ થઈ શકે છે. એવામાં જરૂરી છે કે અસ્થમાના દર્દીઓએ આ સિઝનમાં કેવી રીતે પોતાની હેલ્થનું ધ્યાન રાખવુ. આમ, તમને અસ્થમાની તકલીફ છે તો આ ઉપાય તમારા માટે બેસ્ટ છે.અસ્થમાના દર્દીઓને ફેફસાં સુધી હવા પહોંચવામાં અનેક તકલીફ પડતી હોય છે. ખાસ કરીને વરસાદની સિઝનમાં ફેફસાના વાયુમાર્ગમાં સોજા વધી જાય છે જેના કારણે અસ્થમા એટેક આવવાનું જોખમ વધી જાય છે. વરસાદમાં તડકો બરાબર નિકળતો નથી જેના કારણે આ સમસ્યા વધી જાય છે. ઠંડા વાતાવરણમાં શ્વાસની બીમારી વધી જાય છે. આ કારણે અસ્થમા વધી જાય છે.

વરસાદના વાતાવરણમાં હવા ખરાબ થવાને કારણે અસ્થમા એટેકનો ખતરો વધી જાય છે. આમ, તમને અસ્થમાની તકલીફ છે તો તમે ખાસ કરીને આ વાતનું ધ્યાન રાખો. આ સમયે છીંક વધારે આવે છે જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આમ, તમને પણ વરસાદના વાતાવરણમાં શ્વાસ લેવામાં તકલીફ પડે છે તો તમે ખાસ કરીને ડોક્ટરનો સંપર્ક કરો.

## Migraine ના દુખાવામાંથી મિનિટોમાં છૂટકારો મેળવો

ઘણાં બધા લોકોને માઈગ્રેનનો દુખાવો થતો હોય છે. માઈગ્રેનના દુખાવાથી વ્યક્તિ સખત કંટાળી જાય છે. માઈગ્રેનનો દુખાવામાંથી રાહત મેળવવા માટે આ પાવડર બેસ્ટ છે. આ પાવડરથી તમને આરામ થઈ જાય છે. માઈગ્રેનના દુખાવાથી અનેક લોકો કંટાળી જતા હોય છે. માઈગ્રેનના દુખાવો વ્યક્તિને હેરાન કરી દે છે. આ દુખાવામાંથી છૂટકારો મેળવવા માટે લોકો જાતજાતની દવાઓ અને નુસખાઓ અજમાવતા હોય છે. આમ, તમે પણ માઈગ્રેનના દુખાવાથી કંટાળી ગયા છો તો આ પાવડર તમારા માટે બેસ્ટ છે. આ પાવડર તમને માઈગ્રેનના દુખાવામાંથી રાહત અપાવવાનું કામ કરે છે. તો જાણો ઘરે કેવી રીતે પાવડર બનાવશો.આ પાવડર બનાવવા માટે સૌ પ્રથમ મિક્સર જાર લો અને આ ત્રણેય વસ્તુઓ એક સાથે ક્રશ કરી લો. પછી આ પાવડરને એક એરટાઈટ ડબ્બીમાં ભરી લો. તો તૈયાર છે માઈગ્રેનના દુખાવામાંથી રાહત અપાવતો આ પાવડર. આ પાવડર તમારે દિવસમાં



એક-એક ગ્રામ ૩ વાર લેવાનો રહેશે. આ પાવડર તમે સતત અઠવાડિયુ લો છો તો આરામ થઈ જાય છે. આ પાવડર તમને માથાના દુખાવામાંથી પણ રાહત અપાવે છે. આમ, તમને પણ સતત માઈગ્રેનનો દુખાવો થાય છે તો પાવડર તમારા માટે બેસ્ટ છે. આ પાવડર તમે દરરોજ સવારમાં લઈ શકો છો. આમ, તમારે દરરોજ લેવો નથી તો તમને જ્યારે માથુ દુખે ત્યારે તમે લઈ શકો છો. આ પાવડરથી રાહત જલદી થઈ જાય છે. આ પાવડર હેલ્થને હેલ્ધી રાખવાનું કામ કરે છે. માઈગ્રેનના દુખાવામાંથી રાહત મેળવવા માટે તમે યોગા પણ કરી શકો છો. યોગા કરવાથી તમને રાહત મળે છે. યોગા તમે રેગ્યુલર કરો છો તો તમને મોટી રાહત થાય છે.

## અનિદ્રાની તકલીફથી કંટાળી ગયા છો? ડાયટમાં આ ફૂડ્સ એડ કરો, ઘસઘસાટ ઊંઘી જશો

અનેક લોકોને રાત્રે ઊંઘ આવતી નથી. રાત્રે ઊંઘ ના આવવાને કારણે વ્યક્તિ બેચેની અનુભવે છે અને બીજા દિવસે કામ કરવાનો બહુ કંટાળો આવે છે. આ માટે રાત્રે ઊંઘ આવવી ખૂબ જરૂરી છે.હુંફાળુ દૂધ પીઓઃ આજની આ ફાસ્ટ લાઈફમાં અનેક લોકોને અનિદ્રાની સમસ્યા હોય છે. અનિદ્રામાં વ્યક્તિને ઊંઘ આવતી નથી. ઊંઘ ના આવવાને કારણે અનેક વાર મગજમાં જાતજાતના નેગેટિવ વિચારો આવતા હોય છે. આ વિચારોને કારણે વ્યક્તિ હેરાન થાય છે. આમ, તમને પણ અનિદ્રાની સમસ્યા છે તો તમે રાત્રે હુંફાળુ દૂધ પીવાનું શરૂ કરી દો. હુંફાળુ દૂધ પીવાથી શરીરને આરામ મળે છે, જેના કારણે બેચેની જેવી સમસ્યા દૂર થાય છે. હુંફાળુ દૂધ પીવાથી ઊંઘ સારી આવે છે.



અખરોટઃ અખરોટ સારી ઊંઘ લાવવાનું કામ કરે છે. અખરોટ જેવા નટ્સમાં મેલાટોનિન નામનો સારો સ્રોત સારો હોય છે. આ નટ્સ તમને સારી ઊંઘ લાવવામાં મદદ કરે છે. આ સિવાય અખરોટમાં લિનોલેનિક એસિડ હોય છે જે એક રીતે ઓમેગા ૩ ફેટી એસિડ છે. આ શરીરમાં



**DHA** માં કન્વર્ટ થઈને સારી ઊંઘ લાવવામાં મદદ કરે છે. કેળાઃ કેળા સ્વાસ્થ્ય માટે અનેક રીતે ફાયદાકારક છે. કેળા કેલ્શિયમથી ભરપૂર હોય છે. આ સિવાય કેળામાં મેગ્નેશિયમ, ટ્રિપ્ટોફેન, વિટામીન બી ૬, કાર્બ્સ અને પોટેશિયમ જેવા તત્વોથી ભરપૂર હોય છે. કેળામાં રહેલા તત્વો તમને ઊંઘ લાવવામાં મદદ કરે છે. દરેક વ્યક્તિએ દિવસમાં એક કેળુ ખાવુ જોઈએ. કેળા ખાવાથી તમે બીજી અનેક બીમારીઓ સામે લડી શકો છો. ઘાસ પાવડરઃ સારી ઊંઘ લાવવા માટે ઘાસનો પાવડર પીવાનું શરૂ કરી દો. ઘાસનો પાવડર પીવાથી ઊંઘ સારી આવે છે. ઘાસમાં કેલ્શિયમ, ટ્રિપ્ટોફેન, ઝિંક, પોટેશિયમ, મેગ્નેશિયમ હોય છે જે તમારી ઓવર ઓલ હેલ્થ માટે ફાયદાકારક સાબિત થાય છે.

ગંઠોડાનું દૂધ પીઓઃ તમને રાત્રે ઊંઘ આવતી નથી તો તમે ગંઠોડાનું દૂધ પીવાનું શરૂ કરી દો. આ દૂધ પીવાથી રાત્રે ઊંઘ સારી આવે છે. આ માટે તમે એક કપ દૂધ ગરમ કરવા માટે મુકો. દૂધ ગરમ થઈ જાય એટલે એમાં અડધી ચમચી ગંઠોડા નાખો અને ઉકાળો. પછી આ દૂધ હુંફાળુ થાય એટલે પીઓ. આ દૂધ પીવાથી ઊંઘ સારી આવે છે.

# BOLLYWOOD NEWS FLASH

**અરશદે કહ્યું હતું કે, વેલકમ ૩નો સ્કેલ, કોસ્ટ, ક્લાઈમેક્સ અનરિયલ છે, તે લાર્ઝર ધેન લાઈફ ફિલ્મ છે, જેમાં હું પણ કામ કરીશે**



## અરશદ વારસીએ વેલકમ ૩ પર લગાવી મહોર

। મુંબઈ, તા.૨૫ ।

અરશદ વારસીએ 'મુન્નાભાઈ એમબીબીએસ'માં સંજય દત્તના 'સર્કિટ'નો રોલ એટલો જોરદાર કર્યો હતો કે, લોકો તેને પ્રેમથી સર્કિટ જ કહેવા લાગ્યા હતા. આ સિવાય તેણે 'ગોલમાલ' સિરીઝમાં પોતાના કોમિક ટાઈમિંગથી બધાને હસાવ્યા હતા. હવે તે ફરી એક વાર અક્ષય કુમાર સાથે ધમાલ મચાવશે. તેણે હવે 'વેલકમ ૩' અંગે મોટું અપડેટ આપ્યું છે. આમાં સંજય દત્ત પણ હશે. આ સાથે જ તેણે જોલી એલએલબી ૩ની માહિતી શેર કરી છે. અરશદ વારસીએ ખૂલાસો કર્યો હતો કે, વેલકમ ૩ બનવાની છે. આમાં અક્ષય કુમાર, સંજય દત્ત અને પરેશ રાવલ પણ હશે. ઉપરાંત તે અક્ષય કુમારની સાથે જોલી એલએલબી ૩માં પણ જોવા મળશે. આના પહેલા ભાગમાં અરશદ વારસી હતો, જ્યારે બીજા ભાગમાં અક્ષય હતો. તો હવે ત્રીજા ભાગમાં બંને સ્ટાર્સ સ્ક્રિન શેર કરતા જોવા મળશે. રિપોર્ટ્સ અનુસાર, અરશદ વારસી પણ 'વેલકમ ૩'માં કોમેડી રોલમાં જોવા મળશે. અત્યાર સુધી 'વેલકમ ૩'ને લઈને અનેક પ્રકારની અફવાઓ ઉડી રહી હતી, પરંતુ હવે અરશદે પુષ્ટિ કરી છે કે, આ ફિલ્મ બનશે. આપ ને જણાવી દઈએ કે, વેલકમ ફિલ્મનો પહેલો ભાગ વર્ષ ૨૦૦૭માં રિલીઝ થયો હતો. તેમાં અક્ષય કુમાર, કેટરિના કૈફ, અનિલ કપૂર, નાના પાટેકર, પરેશ રાવલ જેવા સ્ટાર્સ હતા. આ ફિલ્મ એટલી જબરદસ્ત હિટ હતી કે આજે પણ લોકો તેના ડાયલોગ્સ અને કોમેડી યાદ કરે છે. અરશદે કહ્યું હતું કે, વેલકમ ૩નો સ્કેલ, કોસ્ટ, ક્લાઈમેક્સ અનરિયલ છે. તે લાર્ઝર ધેન લાઈફ ફિલ્મ છે, જેમાં હું પણ કામ કરીશે.

**બંને હાલ કોઈ દરિયાકિનારે એકબીજાનો સંગાથ માણી રહ્યા છે, વિકીએ બર્થ ડે ગર્લને વિશ કરતાં સુંદર તસવીરો શેર કરી હતી**

## દરિયાની લહેરો વચ્ચે કેટરીના કૈફ અને વિકી કૌશલનો રોમાન્સ

। મુંબઈ, તા.૨૫ ।

બોલિવુડની બ્યૂટી ક્વીન કેટરીના કૈફ ૪૦ વર્ષની થઈ ગઈ છે. તેણે ૧૬ જુલાઈએ પોતાનો બર્થ ડે મુંબઈની ભીડભાડથી દૂર કોઈ શાંત સ્થળ પર સેલિબ્રેટ કર્યો હતો. બર્થ ડે પર તેને અનુષ્કા શર્મા, કરીના કપૂરથી લઈને અર્જુન કપૂર અને વરુણ ધવન સુધીના કલાકારોએ શુભેચ્છાનો વરસાદ કર્યો હતો તેમજ તેની સાથેની તસવીર પણ શેર કરી હતી. પરંતુ આ બધામાં તેના માટે કોઈ સ્પેશિયલ વિશ હોય તો તે હતી પતિ વિકી કૌશલની. જેણે વેકેશનની ઝલક દેખાડતી તસવીરો શેર કરી હતી. જણાવી દઈએ કે, પ્રોફેશનલ લાઈફમાં વધારે વ્યસ્ત રહેતું આ કપલ હાલ એકબીજા સાથે ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરી રહ્યું છે. બંને ૧૫ જુલાઈએ જ વેકેશન માટે રવાના થયા હતા. વિકી કૌશલે જે તસવીરો શેર કરી હતી, તે યૉટમાં ક્લિક કરવામાં આવી હશે તેમ લાગી રહ્યું છે. પહેલી તસવીરમાં બંને એકબીજાની આંખમાં ખોવાયેલા છે. બંને સામસામે જોઈ રહ્યા છે. કેટ એક હાથથી પોતાના વાળ સરખા કરી રહી છે, તો બીજો હાથ વિકીના દિલ પર રાખ્યો છે.



## દીપા સાહીએ જણાવ્યું કે શાહરુખ ખાન ફુલ એનર્જી સાથે કામ કરે છે

। મુંબઈ, તા.૨૫ ।

મૂળ ગુજરાતી એવા ફિલ્મમેકર કેતન મહેતાની ફિલ્મ માયા મેમસાબ આજથી ૩૦ વર્ષ પહેલા થિયેટર્સમાં રિલીઝ થઈ હતી. જેમાં એક્ટર શાહરુખ ખાન, રાજ બબ્બર, ફારુક શેખ અને દીપા સાહી લીડ રોલમાં હતા. આ ફિલ્મમાં એક્ટ્રેસ દીપા સાહી અને શાહરુખ ખાનના બૉલ્ડ સીન્સ ભારે ચર્ચામાં આવ્યા હતા. ત્યારે હવે એક્ટ્રેસ દીપા સાહીએ એક ઈન્ટરવ્યુમાં શાહરુખ ખાન સાથે 'માયા મેમસાબ'માં કામ કરવાનો અનુભવ શેર કર્યો છે. માયા મેમસાબના શૂટિંગ વિશે વાત કરતા એક્ટ્રેસ દીપા સાહીએ જણાવ્યું કે શાહરુખ ખાન ફુલ એનર્જી સાથે કામ કરે છે અને તેની સિનેમાની સેન્સ ખૂબ જ સારી છે. તે કામ પ્રત્યે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. શાહરુખ ખાન જેન્ટલમેન છે અને 'માયા મેમસાબ'ના શૂટિંગ વખતે સેટ પર દરેક લોકોના ખબરઅંતર પૂછતો હતો. શાહરુખ ખાન ખૂબ જ દયાળુ વ્યક્તિ છે. તેમજ તે ખૂબ જ રમતિયાળ સ્વભાવનો વ્યક્તિ છે. શાહરુખ સાથેના લવ મેકિંગ સીન વિશે વાત કરતા 'માયા મેમસાબ'ની એક્ટ્રેસ દીપા સાહીએ જણાવ્યું કે, શરૂઆતમાં તો મને હસવું આવતું હતું પણ પછી તો તમારે જે કરવું હોય તે જ કામ કરો છો. જ્યારે 'માયા મેમસાબ' ફિલ્મ રિલીઝ થઈ ત્યારે મને એ પ્રકારે ચિંતા હતી કે લોકો કશું ખોટું ના સમજે પણ મોટાભાગના લોકોનો આશય ખ્યાલ આવી ગયો હતો. ડિરેક્ટર કેતન મહેતાની ફિલ્મ 'માયા મેમસાબ' ફ્રેંચ નવલકથાકાર **Gustave Flaubert**ની નવલકથા **Madame Bovary** પર આધારિત હતી.

**જ્યારે ઈરફાન ખાનના નજીકના મિત્ર તિગ્માંશુ ધુલિયાને આ વાતની જાણ થઈ તો તેણે અભિનેતાને સમજાવ્યો**

## ઈરફાને એક સમયે એક્ટિંગ છોડવાના નીર્ણય લઈ લીધો હતો

। મુંબઈ, તા.૨૫ ।

ઈરફાન ખાને તેની કારકિર્દીમાં એકથી એક સશક્ત ફિલ્મો આપી હતી, પરંતુ એક સમય એવો હતો જ્યારે તેણે અભિનય છોડવાનું મન બનાવી લીધું હતું. જોકે, તેના નજીકના મિત્ર તિગ્માંશુ ધુલિયાના કહેવાથી તેણે પોતાનો નિર્ણય મોકૂફ રાખ્યો હતો. ઈરફાન ખાને પોતે ખુલાસો કર્યો હતો કે, તેણે મુંબઈ છોડવાનો નિર્ણય કર્યો હતો. તેણે કહ્યું હતું કે, તેને ફિલ્મોમાં સારા રોલ નથી મળી રહ્યા, જેના કારણે તે ખૂબ જ કંટાળી ગયો હતો. જ્યારે ઈરફાન ખાનના નજીકના મિત્ર તિગ્માંશુ ધુલિયાને આ વાતની જાણ થઈ તો તેણે અભિનેતાને સમજાવ્યો. દિગ્દર્શકે ઈરફાનને કહ્યું કે, 'અરે થોભો, નેશનલ એવોર્ડ લો'. આ મિત્રની વાત સાંભળીને તે રાજી થઈ ગયો અને પછી ફિલ્મોમાં કામ કરવા લાગ્યો. થોડા વર્ષો પછી તિગ્માંશુ ધુલિયાએ ઈરફાન ખાન સાથે ફિલ્મ પાન સિંહ તોમર બનાવી. આમાં એક્ટર લીડ રોલમાં જોવા મળ્યો હતો. ઈરફાને પોતાની એક્ટિંગથી દર્શકોના દિલ જીતી લીધા હતા. આ ફિલ્મ માટે ઈરફાન ખાનને બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ મળ્યો હતો. ઈરફાન ખાનની ફિલ્મ 'પાન સિંહ તોમર' બનાવવામાં ૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.



## યે રિશ્તા ક્યા કહલાતા હૈમાં થશે કાજોલની એન્ટ્રી

## શું અબીરની કસ્ટડી અક્ષરાને અપાવી શકશે? આ શોમાં અત્યારે જોરદાર ટ્વિસ્ટ અને ટર્ન જોવા મળી રહ્યો છે, જેના કારણે શો ઘણો ચર્ચામાં છે

। મુંબઈ, તા.૨૫ ।

રાજન શાહીનો શૉ 'યે રિશ્તા ક્યા કહલાતા હૈ' છેલ્લા કેટલાય વર્ષોથી ઈન્ડસ્ટ્રી પર રાજ કરી રહ્યો છે. આ સાથે જ આ ભારતીય ટેલિવિઝન પર સૌથી લાંબા સમય સુધી ચાલનારો શૉઝમાં પણ સામેલ થઈ ગયો છે. આ સિરીયલની લોકપ્રિયતાને જોતા હવે બોલિવુડ અભિનેત્રી કાજોલે પણ મોટો નિર્ણય કર્યો છે. જી હાં, કાજોલ હવે ટૂંક સમયમાં આ શૉમાં જોવા મળશે. બોલિવુડ અભિનેત્રી કાજોલની એન્ટ્રી થતાં જ 'યે રિશ્તા ક્યા કહલાતા હૈ'ને વધુ ખાસ બનવી દેશે. કાજોલ અત્યારના દિવસોમાં પોતાના વેબ શૉ 'ધ



ટ્રાયલ'થી 'નોયોનિકા' રોલના કારણે ચર્ચામાં છે. હવે તે આ સિરીઝના પ્રચાર માટે ટીવી શૉમાં જોવા મળશે. દર્શકોએ આ શૉમાં કાજોલની ઝલક જોવા મળી છે. ફેન્સ પણ અભિનેત્રીને આ શૉમાં જોવા માટે આતુર છે. જાણવા મળી રહ્યું છે કે, આ શૉમાં કાજોલનો ફક્ત ગેસ્ટ અપિરિયન્સ જ હશે. આ શૉમાં હર્ષદ ચોપરા અને પ્રણાલી રાઠોડની લીડ જોડી છે. આ જોડી અભિમન્યુ અને અક્ષરાની ભૂમિકામાં જોવા મળે છે.

ફેન્સ તેમને પ્રેમથી અભિરાના નામથી બોલાવવાનું પસંદ કરે છે. અભિમન્યુ, અક્ષરા અને અભિનવની આસપાસ આ શૉની સ્ટોરી ફરતી રહે છે. જ્યારે અબીરથી દૂર થવાના કારણે અત્યારે તો અક્ષરા ઉદાસ છે. કારણ કે, અક્ષરા કસ્ટડીની લડાઈ હારી ગઈ છે, જેના કારણે અબીર, અભિમન્યુની સાથે રહે છે. એટલે આ શૉમાં અત્યારે નવા નવા ટ્વિસ્ટ અને ટર્ન્સ જોવા મળી રહ્યા છે. ધ ટ્રાયલ વેબ સિરીઝમાં નૈનિકા સેનગુપ્તા (કાજોલ) હાઉસવાઈફ છે. જ્યારે તેનો પતિ રાજીવ સેનગુપ્તા (જિશુ સેનગુપ્તા) કોર્ટમાં જજ છે. બંનેને ૨ પુત્રી પણ છે. સિરીઝમાં કાજોલને પોતાના પતિની કરતૂત વિશે ખબર પડે છે ત્યારે તેને ઝટકો લાગે છે. તેવામાં રાજીવને જેલની સજા થઈ જાય છે. એટલે તેની પ્રોપર્ટી અને પૈસાને જપ્ત કરી લેવામાં આવે છે. ત્યારબાદ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે તે લૉ ફર્મમાં કામ કરવાનું શરૂ કરી દે છે.

# મહુવા તાલુકાના બુટવાડા અને અલગટ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથનું ભવ્ય સ્વાગત

## કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું



| મહુવા, તા.૨૫ |

ભારત સરકાર અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ ગામે ગામ સુધી પહોચે તેવા આશયથી સુરત જિલ્લાના મહુવા તાલુકાના બુટવાડા અને અલગટ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ નવમા દિવસે હરીપુરા ગામે આવી પહોંચ્યો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

અલગટ ગામે તાલુકા વિકાસ અધિકારી પી. સી. માહલા તથા બુટવાડા ગામે વિસ્તરણ અધિકારી અમરસિંહભાઈ પરમારે ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં આત્મ નિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં સપનાને સાકાર કરવા તથા દેશની સમૃદ્ધિની ગાથા વર્ણવી હતી.

વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ વિભાગોની યોજનાઓ જેવી કે પોષણ અભિયાન, કુપોષણ મુક્ત ભારત અને એનિમિયા,પી.એમ કિસાનવય યોજના,કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ,જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજનાઓ બાબતે વિસ્તૃત માહિતી વિવિધ શાખાઓ દ્વારા પુરી પાડવામાં હતી. ICDS બારડોલીના ઈન્ચાર્જ CDPO શ્રી, કર્મચારી અને કાર્યકર દ્વારા મિલેટ અને THRનો ઉપયોગ કરી વિવિધ વાનગીઓનું પ્રદર્શન કરવામાં કરી તેનું મહત્વ સમજાવ્યું હતું.



આ પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્માન કાર્ડ અને પીએમ-કિશાનના લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મિશન મંગલમ્ યોજના હેઠળ સખીમંડળની બહેનોને ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. ખેતીવાડી શાખા દ્વારા ડ્રોન ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું. 'મેરી કહાની મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના અને આઈસીડીએસના લાભાર્થી દ્વારા મેળવેલા લાભની સાફલ્યા ગાથા રજુ કરવામાં આવી હતી.

અલગટ ગામે સરપંચ નીમાબેન પટેલ તબીબી અધિકારી શ્રી શૃતીબેન બાગડ, વિસ્તરણ અધિકારી અમારસિહભાઈ પરમાર, બુટવાડા ગામે સરપંચશ્રી હેમાબેન પટેલ, તબીબી અધિકારી શ્રી શૃતીબેન બાગડ, શાળા આચાર્ય શ્રી બીપીનભાઈ પટેલ, SDB ના કર્મચારી શ્રી,ગ્રામ પંચાયતના સભ્યોશ્રી,તેમજ તાલુકા પંચાયતના કર્મચારી, મુખ્ય સેવિકા વલવાડા, SDB ના તથા અન્ય કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાંસદ રંજનબેન ભટ્ટે સયાજીપુરા એ. પી. એમ. સી. ખાતેથી વડોદરા તાલુકા કક્ષાના કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો

## 'તંદુરસ્ત સમાજ'ના નિર્માણ માટે ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે, સરકાર કટિબદ્ધ છે : સાંસદ રંજનબેન ભટ્ટ

| વડોદરા, તા.૨૫ |

ખેડૂતલક્ષી સહાય યોજનાઓ અંગેની સમજ આપવાના ઉદ્દેશ્યથી રાજ્યભરના ૨૪૮ તાલુકાઓમાં આયોજીત 'રવિ કૃષિ મહોત્સવ' અંતર્ગત સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે વડોદરા તાલુકા કક્ષાના કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ સાથે જ વડોદરા જિલ્લાના આઠેય તાલુકાઓમાં પણ મહાનુભાવોની ઉપસ્થિતિમાં બે દિવસીય 'રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. નવા વર્ષની શુભકામનાઓ પાઠવીને સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી માતૃભૂમિને બચાવવા તેમજ 'તંદુરસ્ત સમાજ'ના નિર્માણ માટે આગળ આવવા આહ્વાન કર્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતી માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે દેશી ગાય આધારિત કુદરતી ખેતી થકી ખેડૂતોને યોગદાન આપવાનું જણાવ્યું હતું. સરકારના હૈયે ખેડૂતોનું હિત વસેલું છે તેમ જણાવી શ્રીમતી ભટ્ટે ખેડૂતોની આવક બમણી કરવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક સફળ પહેલ કરી હોવાનું જણાવ્યું હતું. તેમણે ખેડૂતોને વિવિધ કૃષિ યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. સોઈલ હેલ્થ કાર્ડ જેવી મહત્વની અને અસરકારક પહેલ બદલ તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરી જમીનની ફળદ્રુપતા બચાવવા પ્રાકૃતિક કૃષિ સિવાય કોઈ વિકલ્પ ન હોવાનું જણાવ્યું હતું. બિમાર જમીન અને પશુની ચિંતા પણ આ સરકારે કરી હોવાનું કહી તેમણે વધારે પાક લેવાની લ્હાયમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરતા ખેડૂતોને ચેતવ્યા હતા તેમજ રાસાયણિક ખેતીના દુષ્પરિણામો જણાવી પ્રાકૃતિક કૃષિ માટે સંકલ્પબદ્ધ કર્યા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'શ્રી અન્ન'ના અભિગમથી કૃષિ અને કિસાન બંને આજે સમૃદ્ધ અને મજબૂત થયા હોવાનું તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે અનેક ખેડૂતલક્ષી નિર્ણયો લીધા છે, જેથી ખેડૂતોનો સર્વાંગી વિકાસ કરી શકાય તેમ જણાવી શ્રીમતી ભટ્ટે હવે ખેડૂતોના આંગણે સામેથી અધિકારીઓ આવી માર્ગદર્શન આપતા હોવાનું કહ્યું હતું.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું સરસ્વતી તાલુકાના વારેડા ગામમાં કરવામાં આવ્યું ઉષ્માભેર સ્વાગત



| પાટણ, તા.૨૫ |

દેશના છેવાડાના માનવી સુધી કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ ફ્લેગશીપ યોજનાઓની માહિતિ અને લાભો પહોંચાડવા દેશભરમાં ૧૫મી નવેમ્બરથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાયો હતો. જે અંતર્ગત પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના વારેડા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું વારેડા પ્રાથમિક શાળા ખાતે ગ્રામજનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં ૨૬૩ થી વધુ લોકોએ ભાગ લઈને વિકસિત ભારત અંતર્ગત સંકલ્પ લીધો હતો. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં આરોગ્યના કેમ્પના ૪ જેટલા લાભાર્થીઓ પ્રધાનમંત્રી જન આવાસ યોજના ૧ જેટલા લાભાર્થીઓ, મનરેગાના ૧૭ જેટલા લાભાર્થીઓ, અને ખેતીવાડીના ૩ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આઈસીડીડી વિભાગ દ્વારા મિલેટ્સનો સ્ટોલ રાખવામાં આવ્યો હતો જેથી મિલેટ્સ અંગે જાગૃતતા ગામમાં આવે. સરકારશ્રીની વિવિધ શાખાઓની કલ્યાણકારી યોજનાઓ વિશે પણ વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન માહિતી આપવામાં હતી. ઉપરાંતપોષણ અભિયાન, આયુષ્યમાન કાર્ડ, જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# ખેડા જિલ્લાની ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સ દ્વારા ગાયનો જીવ બચાવવામાં આવ્યો

| દેડિયાપાડા, તા.૨૫ |

ખેડા જિલ્લાની ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સ દ્વારા નાડીયાદના વાણીયાવાડ વિસ્તારમાં ગર્ભાશયની સમસ્યા ધરાવતી એક ગાયની જરૂરી ચિકિત્સા કરી ગાયનો જીવ બચાવવામાં આવ્યો છે. તારીખ ૨૩-૧૧-૨૩ ના રોજ બપોર ૧૨:૪૮ વાગ્યાની આસપાસમાં નાડીયાદના વાણીયાવાડ વિસ્તારમાં એક ગાય છેલ્લા ઘણા દિવસ PROLAPES OF VAJAINAL (ગર્ભાશય) આખુજ બહાર આવી ગયું હતું, જેના કારણ કે ગાય ઘણા દિવસ થી પીડામા હતી. આ ઘટનાની જાણ થતા તરત જ ઈર્સ્ઈ ગ્રીન હેલ્થ સર્વિસ ટીમ પશુ ચિકિત્સક ડો.પાર્થ ગજ્જર અને પાયલોટ લાલુભાઈ પરમાર ઘટના સ્થળે પહોંચીને ગાયની સારવાર હાથ ધરી હતી.

EMRI ગ્રીન હેલ્થ સર્વિસ ટીમ દ્વારા આશરે બે કલાકની જહેમત બાદ ગાયનુ ગર્ભાશય જે બહાર હતું તેને અંદર મૂકી તેની પ્રોપર સારવાર કરી ગાયને પ્રસુતિની પીડામાંથી મુક્તિ આપી હતી. અને આ રીતે ગાયનો જીવ બચવામાં કરુણા એમ્બ્યુલન્સની ટીમને સફળતા મળી હતી.

ખેડા જિલ્લાની પશુઓ માટેની આરોગ્ય સંજીવની ગણાતી EMRI ગ્રીન હેલ્થ સર્વિસ અને ગુજરાત રાજ્ય પશુ પાલન વિભાગના સંકલન દ્વારા ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સની સેવા ચાલુ કરવામાં આવેલ છે. કરુણા એમ્બ્યુલન્સ જે ફક્ત બિનવરસી અને બિન માલિકીના પશુઓની સારવાર કરે છે જેમને ઓક્ટોબર-૨૩ સુધીમાં ૧૭૯૨૧ થી પણ વધુ પશુ ઓની નિઃશુલ્ક સારવાર કરી છે. જેમાં મેડિકલના ૬૫૫૯, મેડિસિન સપ્લાયના ૯૯૧, સર્જીકલના ૯૮૧૭, પ્રસુતિના ૨૯૪ અને અન્ય ૨૬૦ કેસનો સમાવેશ થાય છે.

# ખડસુપા ખાતે નવસારી તાલુકા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ- ૨૦૨૩ કાર્યક્રમ યોજાયો

| નવસારી, તા.૨૫ |

રાજ્યના ખેડૂતોને રવિ પાકો, આધુનિક કૃષિ તાંત્રિકતા, ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ તેમજ ખેતી પાકો અંતર્ગત આધુનિક અને વૈજ્ઞાનિક સમાજ મળી રહે તથા તાલુકાના નાગરિકોને સરકારી સેવા એક જ છત્ર ઉપલબ્ધ થાય તે હેતુસર રાજ્યમાં તમામ તાલુકાઓમાં બે દિવસે રવિ કૃષિ મહોત્સવ અને સેવા સેતુ ના કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું છે.

જેના ભાગ રૂપે નવસારી વિધાનસભાના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને શ્રી એમ.એન.વિદ્યાલય ખડસુપા બોર્ડિંગ ખાતે તાલુકાકક્ષાનાં રવિ કૃષિ મહોત્સવ-વ-સેવાસેતુ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા ખેતીવાડી અધિકારી ડો. અતુલ ગજેરાએ સ્વાગત પ્રવચન કરી રવિ કૃષિ મહોત્સવ-વ-સેવાસેતુ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે નવસારી ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આપણા પરંપરાગત ધાન્ય એવા જુવાર, બાજરી, નાગલી જેવા પાકો પોષક તત્વોથી ભરપૂર છે તેથી તેનુ આપણા રોજિંદા જીવનમાં સમાવેશ કરવુ અનિવાર્ય બન્યુ છે. ધાન્યોના ફાયદા અને તેના વાવેતર તેમજ પ્રાકૃતિક ખેતી વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ મેળવે એ દિશામાં સુચન કર્યું હતું.

કૃષિ નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને કાર્યક્રમનાં પ્રથમ દિવસે રવિ પાકોના વાવેતર, આધુનિક કૃષિ તાંત્રિકતા, હલકા ધાન્ય પાકો વિશે આગવી સમજ, બાગાયતી પાકોનું મહત્વ તથા પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા તેમના અનુભવોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આત્મા વિભાગ દ્વારા બેસ્ટ ફાર્મર એવોર્ડ અને ખેતીવાડી-બાગાયત-પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ મહાનુભાવોનાં વરદ હસ્તે કરાયું હતું.



આ પ્રસંગે ગુજરાત પ્રાકૃતિક ખેતી યુનિવર્સિટીના કુલપતિ ડો.સી.કે.ટીંબડીયા, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના અધ્યક્ષ શ્રી અરવિંદભાઈ પાઠક, જીલ્લા પંચાયત સદસ્યશ્રીઓ વિનોદભાઈ, દર્શનાબેન, ગીતાબેન તેમજ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ પ્રતિભાબેન આહીર, તેમજ જિલ્લા સંગઠનના મહામંત્રીશ્રી શ્રી જિગ્નેશભાઈ દેસાઈ, તાલુકા સંગઠનમાં પદાધિકારીશ્રી મુકેશભાઈ પટેલ, તાલુકા સંગઠનનાશ્રી દિનેશભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયતના સભ્યશ્રી, સહિત અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ખેડૂતોએ અલગ અલગ ખાતાના સ્ટોલ પ્રદર્શનની મુલાકાત દ્વારા માર્ગદર્શન મેળવ્યું. નવસારી ખેતીવાડી ખાતાનાં અધિકારીશ્રીઓ ચિંતનભાઈ દેસાઈ, મામલતદારશ્રી પ્રશાંત ગામિત તેમજ તેમની ટીમ, તાલુકા વિકાસ અધિકારીશ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ તેમજ તાલુકા પંચાયત કચેરીની ટીમ, વિસ્તરણ અધિકારીશ્રીઓ, ગ્રામ સેવકશ્રીઓ, તલાટીશ્રીઓ તેમજ વિવિધ વિભાગમાંથી આવેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતાં.

# મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત તા.૨૬ નવેમ્બરના રોજ યોજાશે ખાસ ઝુંબેશ

| વડોદરા, તા.૨૫ |

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીઓ પૂર્વે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા રાજ્યભરમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત આગામી તા.૨૬ નવેમ્બર, ૨૦૨૩ (રવિવાર)ના રોજ ખાસ ઝૂંબેશ દિવસ યોજાશે.

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.૨૬ નવેમ્બર, ૨૦૨૩ના રોજ વડોદરા શહેરના ૧૩૮૫ અને ગ્રામ્યના ૧૧૬૬ સહિત જિલ્લાના કુલ ૨૫૫૧ તમામ મતદાન મથકો પર સવારે ૧૦.૦૦થી સાંજે ૦૫.૦૦ વાગ્યા દરમિયાન મતદારયાદીમાં પોતાનું નામ ચકાસી શકાશે. સાથે જ મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે.

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૦૧લી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી અતુલ ગોર દ્વારા વડોદરા શહેર જિલ્લાના તમામ મતદારોને મતદારયાદીમાં પોતાનું નામ ચકાસી લેવા તથા પાત્રતા ધરાવતા નાગરિકોને મતદારયાદીમાં નામ નોંધાવવા જાહેર અપીલ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચના Voter Helpline App અને http://voters.eci.gov.in/ ઉપર ઓનલાઈન પણ ફોર્મ ભરી શકશે.

# ખેડા જિલ્લાના તમામ તાલુકા ખાતે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન યોજાયા

| નડિયાદ, તા.૨૫ |

કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત ખેડા જિલ્લાના તમામ તાલુકા ખાતે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ અંતર્ગત કૃષિ પસિસંવાદ અને કૃષિ પ્રદર્શન કાર્યક્રમ યોજાયા હતા. જેમાં જિલ્લા કલેક્ટરશ્રી કે.એલ.બચાણી અને મહુધા ધારાસભ્યશ્રી સંજયસિંહ મહિડાનાં અધ્યક્ષસ્થાને મહુધા ખાતે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલ અગ્રવાલ અને ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમારનાં અધ્યક્ષસ્થાને માતર ખાતે, ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને નડિયાદ ખાતે, ધારાસભ્યશ્રી યોગેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષસ્થાને ડાકોર ખાતે, ધારાસભ્યશ્રી રાજેશકુમાર ઝાલાનાં અધ્યક્ષસ્થાને કપડવંજ ખાતે, ધારાસભ્યશ્રી અર્જૂનસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને મહેમદાવાદ ખાતે, તાલુકા પંચાયત પ્રમુખશ્રી રીક્નાબેન પટેલના અધ્યક્ષસ્થાને વસો ખાતે, ખેડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રેમિલાબેન ચૌહાણના અધ્યક્ષસ્થાને ખેડા ખાતે, ગળતેશ્વર તાલુકા પંચાયત પ્રમુખશ્રી જયંતિભાઈ પરમારના અધ્યક્ષસ્થાને સેવાલિયા ખાતે અને કઠલાલ નગરપાલિકા પ્રમુખશ્રી ગૌતમસિંહ ચૌહાણની અધ્યક્ષસ્થાને કઠલાલ ખાતે કૃષિ પસિસંવાદ અને કૃષિ પ્રદર્શન કાર્યક્રમો યોજાયા હતા. કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન કાર્યક્રમોમાં ખેતી વિષયક તેમજ સેવાસેતુ અંતર્ગત વિવિધ સ્ટોલ ઉભા કરીને ખેડુતોને સરકારની યોજનાકીય બાબતોની માહિતિ પુરી પાડવામાં આવી હતી. ઉપરાંત ખેડુતોને યોજનકીય લાભનુ વિતરણ કરવાનાં આવ્યુ હતુ અને ઉતકૃષ્ટ ખેતી કરનાર ખેડુતોને બેસ્ટ આત્મા ફાર્મસ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સાથે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડુતોને ખેતીના વિવિધ પ્રકારો વિશે મહત્વની જાણકારી આપી ખેડુતોને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યુ હતુ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ મિત્રની મદદ લો. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે રૉમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારૂં બાળક જેવું તથા નિદોર્ષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો. તમારે નિરાશાથી પીડાશો-કેમ કે જે નામ-પ્રતિષ્ઠા તથા વળતરની તમને અપેક્ષા હતી.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તાણની અવગણના કરતા નહીં. તે ઝડપ થી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

### કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષના મોદી સરકાર સામે આકરા પ્રહાર

## પીએમઓ અને મંત્રાલયે રબર સ્ટેમ્પ બની ગયા : સોનિયા ગાંધી



। નવી દિલ્હી, તા.૨૫ ।

કોંગ્રેસ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ફરી એકવાર મોદી સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. રાષ્ટ્રીય સલાહકાર પરિષદ (એનએસી) અંગે સોનિયાએ કહ્યું કે આ કોઈ બીજું પાવર સેન્ટર નહોતું પણ વડાપ્રધાનને સલાહ આપનાર એક સમિતિ જ હતી. સોનિયા ગાંધીએ તેમના આવનારા પુસ્તક અંગે ખુલાસો કરતાં કેન્દ્રની મોદી સરકાર સામે પણ નિશાન તાક્યું.

સોનિયા ગાંધીએ કહ્યું કે કેન્દ્રની મોદી સરકાર ખુલ્લેઆમ આરએસએસથી નિર્દેશો લઈને જ કામ કરે છે. આરએસએસ ન તો વિશ્વસનીય છે અને તો પ્રજાએ તેને ચૂંટી છે. એન્હાન્સિંગ પીપલ્સ રાઈડ એન્ડ ફ્રીડમ - એનએસી રીવિઝિટેડ નામના લેખમાં સોનિયા ગાંધીએ લખ્યું છે કે આ જ વિડંબના છે કે એનએસીને અપમાનિત કરાઈ. એનએસીની ભૂમિકા મર્યાદિત થઇ ચૂકી છે. વર્તમાન મોદી સરકાર સતત તેની નીતિઓ માટે આરએસએસથી નિર્દેશો લે છે. ૨૦૧૫માં કેન્દ્રીય મંત્રીઓએ તેમની નીતિઓનું સંપૂર્ણ માળખું રજૂ કર્યું હતું. પીએમ મોદીએ તેને માર્ગદર્શન નામ આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી પર આરોપો લાગતા રહ્યા છે કે તે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પરિષદના અધ્યક્ષ હતા ત્યારે મનમોહન સિંહની સરકારમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો કરતા હતા.

રાષ્ટ્રીય યોજના આયોગનો ઉલ્લેખ કરતાં સોનિયા ગાંધીએ કહ્યું કે તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ સુભાષ ચંદ્ર બોઝે નિર્ણયો કરતી સંસ્થાનું વિકેન્દ્રીકરણ કરીને એનએસીની સ્થાપના કરી હતી.

### ભાજપના લોકોની પણ ધરપકડની મમતાની ધમકી

## પ.બંગાળના વિપક્ષી નેતાએ મમતા બેનર્જી સામે પોલીસ ફરિયાદ કરી



। કોલકાતા, તા.૨૫ ।

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ કથિત રીતે ધમકી આપવા બદલ પોલીસ ફરિયાદ કરી છે. આરોપ છે કે મમતા બેનર્જીએ કહ્યું હતુ કે, જો કેન્દ્રીય એજન્સીઓ દ્વારા ટીએમસી નેતાઓની ધરપકડ કરવામાં આવશે તો તે ભાજપના લોકોની ધરપકડ કરી લેશે. મમતા બેનર્જીએ ગુરુવારે ટીએમસી કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે, તેમણે અમારા ચાર ધારાસભ્યોને જેલ હવાલે કરી દીધા છે. તેમણે એ વિચારીને તેમને જેલ ભેગા કર્યા કે તેઓ આ રીતે અમારી સંખ્યા ઘટાડી દેશે. જો તેઓ મારા ચાર લોકોને ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં મોકલશે અને બદનામ કરશે તો હું ભાજપમાંથી આઠ લોકોને હત્યા અને અન્ય કેસોમાં જેલ હવાલે કરી દઈશ.

વિભિન્ન કથિત કૌભાંડમાં ઈડી અને સીબીઆઈ દ્વારા ધરપ કડ કરવા બાદ ઓછામાં ઓછા પાંચ હાઈ-પ્રોફાઈલ ટીએમસી નેતા ન્યાયિક કસ્ટડીમાંછે. તેમાંથી ૪ ધારાસભ્યો અને બે મંત્રી સામેલ છે. શુભેન્દુ અધિકારીએ કહ્યું કે, મેં મારી ફરિયાદ હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને ઈમેલ કરી દીધી છે અને તેમને વિનંતી કરી છે કે, તેઓ નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં કરેલી ટિપ્પણી માટે મુખ્યમંત્રી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરે. તેમણે તેમની પાર્ટી વતી શપથ લીધા છે અને ભાજપના આઠ લોકોની ધરપકડ કરવાની ધમકી આપી છે. તેમણે એમ પણ કહ્યું કે, જો પોલીસ એફઆઈઆર નોંધવાનો ઈનકાર કરશે તો તે ૭૨ કલાક રાહ જોશે અને પછી મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટમાં જઈને ફરિયાદ પર સંજ્ઞાન લેવાનો અનુરોધ કરશે. બીજેપી ધારાસભ્યએ કહ્યું કે, આ પ્રકારના કૃત્યો એ ગુનાઓનો ખુલાસો કરે છે.

### છત્તીસગઢના મુખ્યમંત્રી માટે રાહતના સમાચાર

## મહાદેવ એપકાંડમાં બઘેલ વિરૂધ્ધ જબરજસ્તી હસ્તાક્ષર કરાવાયાનો આક્ષેપ

### અસીમ દાસે કોર્ટમાં નિવેદન પાછું ખેંચતા કહ્યું કે સીએમ બઘેલ વિરૂદ્ધ તેનું નિવેદન દર્શાવતા કાગળ પર બળજબરીપૂર્વક સહી કરાવાઈ

। નવી દિલ્હી, તા.૨૫ ।

કથિત મહાદેવ એપ કૌભાંડમાં છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. આ કેસમાં આરોપી અસીમ દાસે કોર્ટમાં પોતાનું નિવેદન પાછું ખેંચ્યું હતું અને કહ્યું હતું કે સીએમ બઘેલ વિરૂદ્ધ તેનું નિવેદન દર્શાવતા કાગળ પર તેનાથી બળજબરીપૂર્વક સહી કરાવવામાં આવી હતી. જેલમાંથી ઈડી ડાયરેક્ટ-રને લખેલા પત્રમાં તેણે કહ્યું કે તેને ફસાવી દેવામાં આવ્યો છે અને તેણે કોઈ નેતાને પૈસા મોકલ્યા નથી. પત્રમાં તેણે કહ્યું છે કે અધિકારીઓએ તેને અંગ્રેજી ન સમજતા હોવા છતાં અંગ્રેજીમાં લખેલા નિવેદન પર સહી કરવા દબાણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે અસીમ દાસ અને પોલીસ કોન્સ્ટેબલ ભીમ સિંહ યાદવની છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન પહેલા ૩ નવેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી. દાસે હવે પોતાનું નિવેદન ફેરવી નાખ્યું છે. ઈડીએ કહ્યું હતું કે દાસે દાવો કરતા કહ્યું હતું કે મહાદેવ સટ્ટાબાજીની એપના પ્રમોટરોએ ભૂપેશ બઘેલને ૫૦૮ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. તપાસ એજન્સીએ તેને ચોંકાવનારો આરોપ ગણાવ્યો હતો અને તપાસની માંગ કરી હતી. દાસ પર ચૂંટણી ફન્ડિંગ માટે રાજનેતાઓને પૈસા પહોંચાડવાનો આરોપ લાગ્યો છે.



વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન આ મામલાને લઈને ઘણી રાજનીતિ થઈ હતી. આ અંગે ભાજપે સીએમ બઘેલ સહિત કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. દરમિયાન ભૂપેશ બઘેલે આરોપોને ખોટા ગણાવ્યાં હતાં અને કહ્યું હતું કે ઈડી અને ભાજપ તેમની વિરુદ્ધ કાવતરું કરી રહ્યા છે. ઈડીએ કહ્યું હતું કે ૨ નવેમ્બરે રાયપુરમાં મહાદેવ બેટિંગ એપ સાથે જોડાયેલા કેશ કુરિયરમાંથી ૫.૩૯ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી હતી. કહેવામાં આવ્યું હતું કે આ પૈસા કોંગ્રેસના ચૂંટણી પ્રચાર માટે લાવવામાં આવ્યા હતા.

ખાસ કરીને આ સીએમ ભૂપેશ બઘેલ માટે હતું. ઈડીનો આરોપ છે કે ભૂપેશ બઘેલને અત્યાર સુધીમાં એપ પ્રમોટર્સ પાસેથી રૂ. ૫૦૦ કરોડથી વધુ રકમ મળી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કહ્યું હતું કે આ એપના પ્રમોટરોએ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને ૫૦૮ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. જે બાદ આ અંગે વિવાદ સર્જાયો હતો. કેન્દ્ર સરકારે મહાદેવ સટ્ટાબાજીની એપ પર પણ પ્રતિબંધ મૂક્યો છે.




## WPL માટે ૯મી ડિસેમ્બરે ખેલાડીઓની હરાજી થશે

### ટીમોએ કુલ ૬૦ ખેલાડીઓને રિટેન કર્યા હતા, જ્યારે ટીમોનો ઘણા મોટા ખેલાડીઓને રિલીઝ કરવાનો નિર્ણય

। મુંબઈ, તા.૨૫ ।

વુમન્સ પ્રીમિયર લીગ ૨૦૨૪ (ડબલ્યુપીએલ ૨૦૨૪)ના હરાજીની તારીખ સામે આવી ચુકી છે. બીસીસીઆઈએ ગઈકાલે જાહેરાત કરી હતી કે ડબલ્યુપીએલ હરાજીનું આયોજન ૯ ડિસેમ્બરના રોજ થશે. આ હરાજી મુંબઈમાં થવાની છે. આ હરાજીમાં ઘણા ક્રિકેટરો પર પૈસાનો વરસાદ થઈ શકે છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ સહિત લગભગ તમામ ટીમો આ હરાજી માટે તૈયાર છે. અગાઉ ડબલ્યુપીએલની ટીમોએ કુલ ૬૦ ખેલાડીઓને રિટેન કર્યા હતા. જ્યારે ટીમોએ ઘણા મોટા ખેલાડીઓને રિલીઝ કરવાનો નિર્ણય લીધો હતો.

ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે હરમનપ્રીત કૌર અને અમનજોત કૌરને રિટેન કરી છે. જ્યારે યુપી વોરિયર્સે એલિસા હીલી, દીપ્તિ શર્મા અને ગ્રેસ હેરિસને રિટેન કરવાનો નિર્ણય કર્યો હતો. આ ઉપરાંત બેંગ્લોરે એલિસ પેરી, હીથર નાઈટ અને રેણુકા સિંહને રિટેન કરી છે. જ્યારે ગુજરાતે એનાબેલ સધરલેન્ડને રિલીઝ કરવાનો નિર્ણય લીધો હતો.

**ડબલ્યુપીએલની ટીમો દ્વારા રિટેન અને રિલીઝ કરેલા ખેલાડીઓ**

**મુંબઈ ઇન્ડિયન્સ**

રિટેન ખેલાડીઓ : અમનજોત કૌર, એમેલિયા કેર, ક્લો ટ્રાયોન, હરમનપ્રીત કૌર, હેલી મેથ્યુઝ, હુમૈરા કાઝી, ઈસાબેલ વોંગ, જીંતિમની કલિતા, નતાલી સાયવર, પૂજા વસ્ત્રાકર, પ્રિયંકા બાલા, સૈકા ઈશાક, યાસ્તિકા ભાટિયા

**રિલીઝ ખેલાડીઓ : ધારા ગુજ્જર,હીદર ગ્રાહમ, નીલમ બિષ્ટ, સોનમ યાદવ**

**રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર**

રિટેન ખેલાડીઓ : આશા શોભના, દિશા કસાટ, એલિસ પેરી, હીથર નાઈટ, ઈન્દ્રાણી રોય, કનિકા આહુજા, રેણુકા સિંહ, રિચા ઘોષ, શ્રેયંકા પાટીલ, સ્મૃતિ મંધાના, સોફી ડિવાઈન

રિલીઝ ખેલાડીઓ : ડેન વાન નીકેર્ક, એરિન બર્ન્સ, કોમલ ઝાંઝાદ, મેગન શુટ, પૂનમ ખેમનાર, પ્રીતિ બોઝ, સહાના પવાર

**યુપી વોરિયર્સ**

રિટેન ખેલાડીઓ : એલિસા હીલી, અંજલિ સરવાણી, દીપ્તિ શર્મા, ગ્રેસ હેરિસ, કિરણ નવગીરે, લોરેન બેલ, લક્ષ્મી યાદવ, પાર્શ્વી ચોપરા, રાજેશ્વરી ગાયકવાડ, એસ. યશશ્રી, શ્વેતા સેહરાવત, સોફી એક્લેસ્ટોન, તાહલિયા મેકગ્રા

**રિલીઝ ખેલાડીઓ: દેવિકા વૈદ્ય, શબનીમ ઈસ્માઈલ, શિવલી શિંદે, સિમરન શેખ**

**દિલ્હી કેપિટલ્સ**

રિટેન ખેલાડીઓ: એલિસ કેપ્સી, અરુંધતિ રેડ્ડી, જેમિમાહ રોડ્રિગ્સ, જેસ જોનાસન, લૌરા હેરિસ, મારીજાન કેપ, મેગ લેનિંગ, મીન્નુ મણિ, પૂનમ યાદવ, રાધા યાદવ, શફાલી વર્મા, શિખા પાંડે, સ્નેહા દીપ્તિ, તાન્યા ભાટિયા, તિતાસ સાધુ

**રિલીઝ ખેલાડીઓ: અપર્ણા મંડલ, જસિયા અખ્તર, તારા નોરિસ**

**ગુજરાત જાયન્ટ્સ**

રિટેન ખેલાડીઓ: એશ્લે ગાર્ડનર, બેથ મૂની, દયાલન હેમલતા, હરલીન દેઓલ, લૌરા વોલ્વાર્ડ, શબનમ શકીલ, સ્નેહા રાણા, તનુજા કંવર

રિલીઝ ખેલાડીઓ: એનાબેલ સધરલેન્ડ, અશ્વની કુમારી, જ્યોર્જિયા વેરહેમ, હર્લે ગાલા, કિમ ગાર્થ, માનસી જોશી, મોનિકા પટેલ, પારુનિકા સિસોદિયા, સબ્બીનેની મેઘના, સોફિયા ડંકલે, સુષ્મા વર્મા

## અંડર-૧૯ એશિયાકપ માટે ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ ઉદય સહારન કરશે

### અંડર-૧૯ એશિયા કપની યજમાની દુબઈ કરી રહ્યું છે, ૮ ડિસેમ્બરે શરૂ થશે, ફાઈનલ મેચ ૧૭ ડિસેમ્બરે રમાશે

। મુંબઈ, તા.૨૫ ।

બીસીસીઆઈએ અંડર-૧૯ એશિયાકપ માટે ૧૫ સભ્યોની ટીમજાહેર કરી છે. આ ટીમનું નેતૃત્વ પંજાબ ટીમનો ખેલાડી ઉદય સહારન કરશે. અંડર-૧૯ એશિયા કપની યજમાની દુબઈ કરી રહ્યું છે. જેની શરૂઆત ૮ ડિસેમ્બરના રોજથી થવાની છે જયારે ફાઈનલ મેચ ૧૭ ડિસેમ્બરના રોજ રમવામાં આવશે. ભારતીય ટીમ અડર-૧૯ એશિયાકપની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. ભારતની અંડર-૧૯ ટીમ ટુર્નામેન્ટની સૌથી સફળ ટીમ છે. ભારતની અંડર-૧૯ ટીમે ૮ વખત ટ્રોફી પોતાના નામે કરી છે. આ વખતે જૂનિયર ક્રિકેટ કમિટી દ્વારા એશિયા કપ ૨૦૨૩ માટે ૧૫ સભ્યોની ટીમની પસંદગી કરવામાં આવી છે. ટીમમાં ૩ ટ્રાવેલિંગ સ્ટેન્ડબાય ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ટીમના ૪ રિઝર્વ ખેલાડીઓની પણ જાહેરાત કરવામાં આવી છે, જેઓ ટીમ સાથે દુબઈ નહીં જાય.

અંડર-૧૯ એશિયા કપ માટે ભારતીય ટીમ : ઉદય સહારન (સુકાની), અર્શિન કુલકર્ની, આદર્શ સિંહ, રુદ્ર પટેલ, સચિન, પ્રિયાંશુ મોલિયા, મુશીર ખાન, અરવેલ્લી અવનીશ રાવ (વિકી), સૌમ્ય કુમાર પાન્ડે (વા.કેપ્ટન), મુરગન અભિષેક, ઈનેશ મહાજન (વિકી), ધનુષ ગોવડા, આરાધ્યા શુક્લા, નમમ તિવારી, રાજ લિંબાણી

**સ્ટેન્ડબાય પ્લેયર્સ**

પ્રેમ દેવકર, અંશ ગોસાઈ, મોહમ્મદ અમાન

૪ રિઝર્વ ખેલાડીઓ જે ટીમ સાથે નહીં જાય

દિગ્વિજય પાટીલ, જયંત ગોયત, પી વિગ્નેશ, કિરણ ચોરમલે.

**વિશેષ લેખ**

### બે દિવસીય હેમ ફેસ્ટમાં સમગ્ર દેશમાંથી આવેલા ૮૦૦થી વધુ હેમ રેડિયો ઓપરેટર ભાગ લેશે

# કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણના હસ્તે સાયન્સ સિટી ખાતે હેમ ફેસ્ટ ઈન્ડિયા ૨૦૨૩નો પ્રારંભ

કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે ગુજરાત સાયન્સ સિટી ખાતે હેમ ફેસ્ટ ઈન્ડિયા ૨૦૨૩નો પ્રારંભ કરાવ્યો. સાયન્સ સિટી ખાતે બે દિવસીય હેમ રેડિયો ફેસ્ટિવલમાં દેશભરમાંથી ૮૦૦થી વધુ હેમ રેડિયો ઓપરેટર ભાગ લેશે.

હેમ ફેસ્ટ ઈન્ડિયા-૨૦૨૩ના ઉદ્‌ઘાટન પ્રસંગે કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે, માનવજાત પર આવતી કુદરતી આફતોના સમયમાં અને બધી જ ટેક્નિકલ સિસ્ટમ ફેઈલ થઈ ગઈ હોય તેવા સમયે પ્રત્યાયન માટે હેમ રેડિયો વરદાનરૂપ સાબિત થાય છે. હેમ રેડિયો ઓપરેટર એટલે કે 'હેમ્સ' એ એક એવી કમ્યૂનિટી છે, જે ધરતીકંપ, પૂર, વાવાઝોડા જેવા કપરાં સમયમાં લોકોની મદદ માટે ખડે પગે તૈયાર હોય છે. રાજ્યમાં આવેલા કચ્છના ધરતીકંપ સમયે તથા તાઉતે અને બિપરજોય વાવાઝોડાના સમયમાં હેમ્સ દ્વારા પ્રત્યાયનમાં મદદ પૂરી પાડવામાં આવી હતી, એવું તેમણે ઉમેર્યું હતું.






કેન્દ્રીય સંચાર મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવેલા વિવિધ રિફોર્મ્સ અંગે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રના કેબિનેટ સંચાર મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શનમાં દેશમાં સંચાર ક્ષેત્રે લોક ઉપયોગી રિફોર્મ્સ હાથ ધરવામાં આવ્યા છે. દેશમાં સંચાર ક્ષેત્રે જરૂરી સુધારા વધારા દ્વારા સિસ્ટમને નવો ઓપ આપવામાં આવ્યો છે અને 'સિટિઝન સેન્ટ્રિક સિસ્ટમ' બનાવવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રિફોર્મ સાથે પરફોર્મ કરવાની ઈચ્છાશક્તિ સાથે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' અને 'ઈઝ ઓફ લિવિંગ'ના મંત્ર સાથે સિટિઝન સેન્ટ્રિક ગવર્નન્સ અમલી બનાવ્યું છે. કેન્દ્ર સરકારના ટેકનોલોજી અને સંચાર વિભાગે જરૂરી રિફોર્મ્સ કરીને સંચારને સરળ બનાવ્યું છે તથા હેમ રેડિયોના વિસ્તરણ પ્રોત્સાહન અને લોકજાગૃતિ માટે જરૂરી પગલાં લીધાં છે. જેના ભાગરૂપે આ વર્ષે ૫૦૦ જેટલા હેમ માટે એક્ઝામિનર અપ્લાય થયા અને ૩૫૦ જેટલા હેમ દ્વારા આ પરીક્ષા પાસ કરવામાં આવી તથા તેમને પોતાના સર્ટિફિકેટ પણ મળી ગયા છે. આજે કેન્દ્ર સરકાર દ્વારા ૫૪ સ્પેક્ટ્રમનું ઓક્શન ફેસલેસ કરવામાં આવી રહ્યું છે,જે સૌ પ્રથમ વખત થઈ રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દેશમાં હેમ રેડિયોની જરૂરિયાત વિશે વાત કરતા કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી શ્રી દેવુંસિંહ ચૌહાણે જણાવ્યું કે, જાપાન દેશમાં આજે એક લાખથી વધુ હેમ કાર્યરત છે. આપણા દેશમાં હજુ વધારે લોકજાગૃતિ થકી આવનારા સમયમાં દેશના દરેક ગામમાંથી એક હેમ રેડિયો ઓપરેટર હોય તે માટેના જરૂરી પ્રયત્નો કરવામાં આવશે. આવનારા સમયમાં શાળાકીય શિક્ષણમાં જ સાયન્સ અને ટેકનોલોજીના વિષયોમાં હેમ રેડિયો વિશે બાળકોને ભણાવવામાં આવે અને દેશમાં આવનારા સમયમાં અને આવનારી કુદરતી આપત્તિઓ માટે હેમ રેડિયો ઓપરેટરની એક મોટી ટીમ તૈયાર થાય તે માટે ચોક્કસ દિશામાં પ્રયત્નો કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી શ્રી દેવુંસિંહ ચૌહાણે હેમ રેડિયો સંબંધિત એક્ઝિબિશનનો પ્રારંભ કરાવ્યો હતો તથા વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કો-કન્વીનર શ્રી પ્રવીણ વાલેરા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી તથા હેમફેસ્ટ ઈન્ડિયાના ચેરમેન ડો.એસ. કે. નંદા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૦થી વધુ ટેકનિકલ વર્કશોપ,૧૦થી વધુ સેશન અને ૨૦થી વધુ સ્ટોલ દ્વારા હેમ રેડિયોની ઉપયોગિતા, રજિસ્ટ્રેશન સહિત ટેક્નિકલ બાબતો અંગે રસપ્રદ નોલેજ શેરિંગ કરવાનો અને લોકજાગૃતિ ફેલાવવાનો હેમ ફેસ્ટ ઈન્ડિયા ૨૦૨૩નો મુખ્ય હેતુ છે. 'હેમફેસ્ટ ઈન્ડિયા' એ હેમ રેડિયો ઓપરેટરનું સૌથી મોટું વાર્ષિક 'ગેટ ટુ ગેધર' છે, જે દર વર્ષે દેશભરનાં વિવિધ શહેરોમાં યોજાય છે. વર્ષ ૨૦૨૩ માટે હેમફેસ્ટ ઈન્ડિયાનું આયોજન ગુજરાત સાયન્સ સિટી ખાતે કરાયું છે. આ પ્રસંગે દેશભરમાંથી મોટી સંખ્યામાં હેમ રેડિયો ઓપરેટર અને હેમફેસ્ટ ઈન્ડિયાના વિવિધ કમિટીના સભ્યો સહિત રેડિયો સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓના સભ્યો સહભાગી બન્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મહત્વપૂર્ણ જાહેરાત : અયોધ્યામાં ગુજરાત સરકાર દ્વારા વિશાળ યાત્રી ભવનનું નિર્માણ કરાશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી અયોધ્યામાં નિર્માણ પામનારા શ્રી રામચંદ્રજીના ભવ્ય મંદિરના દર્શન માટે આવનારા યાત્રીઓને આધ્યાત્મ અને પ્રવાસનનો સંગમ યાત્રીભવન પૂરો પાડશે





। અયોધ્યા, તા.૨૫ ।

કરોડો ભક્તોના આસ્થા કેન્દ્ર સમા વિશ્વખ્યાત તીર્થક્ષેત્ર અયોધ્યામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી આકાર પામી રહેલા ભવ્ય રામમંદિર નજીક ગુજરાત સરકાર દ્વારા વિશાળ યાત્રી ભવનનું નિર્માણ હાથ ધરવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આ ભવ્ય રામમંદિરના દર્શને આવનારા શ્રદ્ધાળુઓને મંદિર પ રિસર નજીક આવાસ- નિવાસ સુવિધાઓ મળી રહે તે માટે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા આ યાત્રીભવનનું નિર્માણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ભગવાનની શ્રી રામના દર્શન માટે આવતા ભાવિકો માટે આ યાત્રી ભવન આધ્યાત્મ અને પ્રવાસનના સંગમ સમૂહ બની રહેશે. એટલું જ નહીં, વડાપ્રધાનશ્રીએ વિરાસતના ગૌરવ સાથે વિકાસ સાધવાના આપેલા કાર્ય સૂત્રને પણ સાકાર કરશે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના પ્રમોશન માટે જાપાનના પ્રવાસે જતા અગાઉ શનિવારે બપોરે અયોધ્યા પહોંચ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં અયોધ્યામાં નિર્માણ થઈ રહેલા ભગવાન શ્રી રામચંદ્રજીના ભવ્ય મંદિર સંકુલની પૂર્ણતાને આરે પહોંચેલી કાર્યવાહી ની માહિતી મેળવી હતી. તેમણે આ અવસરે શ્રદ્ધા ભાવપૂર્વક રામ લલ્લાના દર્શન-અર્ચન તેમજ હનુમાનગઢી મંદિર માં હનુમાનજીના પણ દર્શન-અર્ચન કર્યા હતા. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા દાયી ઉપસ્થિતિમાં આગામી ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં આ ભવ્ય રામમંદિરમાં ભગવાન શ્રી રામચંદ્રજીની મૂર્તિ પ્રતિષ્ઠાનો ઉમંગ- ઉત્સવ ઉજવાશે.

### ન્યૂઝ બ્રિફ

## મુંદ્રાથી કન્ટેનરમાંથી ૧૬ કરોડની ૮૦.૧ લાખ સિગારેટની સ્ટીક્સ જપ્ત

। અમદાવાદ, તા.૨૫ ।

મુંદ્રામાં ડીઆરઆઈ અમદાવાદ ઝોનલ યુનિટને એક મોટી સફળતા મળી છે જેમાં કન્ટેનરમાંથી દાણચોરી કરી આયાત કરવામાં આવેલો સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કન્ટેનરમાંથી ૮૦.૧ લાખ સિગારેટની સ્ટીક્સ મળી આવી હતી જેની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૧૬ કરોડ આંકવામાં આવી રહી છે. ડીઆરઆઈએ મુંદ્રા પોર્ટ પર સપાટો બોલાવતા રેડીમેડ ગારમેન્ટના કન્ટેનરમાંથી દાણચોરીથી આયાત કરાયેલી ૧૬ કરોડની વિદેશી સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે. ડીઆરઆઈ અમદાવાદના અધિકારીઓએ મળેલી ચોક્કસ બાતમીના આધારે કંબોડિયાના ફનોમ પેન્હ પોર્ટ પરથી મોકલેલ કન્ટેનરને મુંદ્રા પોર્ટ પર અટકાવીને તપાસ કરી હતી. જો કે અધિકારીઓએ રેડીમેડ ગારમેન્ટ તરીકે જાહેર કરાયેલ કન્સાઈનમેન્ટમાં શંકાના આધારે વિગતવાર તપાસ કરી હતી જે દરમિયાન બોક્સમાંથી વિદેશી મૂળની ૮૦.૧ લાખ સિગારેટની સ્ટીક્સ મળી આવી હતી જેની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૧૬ કરોડ આંકવામાં આવી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર કન્ટેનરમાં પહેલી રો રેડીમેઈડ ગારમેન્ટ્સની હતી જેની પાછળ તમામ બોક્સમાં વિદેશી મૂળની સિગારેટ ગોલ્ડ ફ્લેકસ હતી. ગોલ્ડ ફ્લેકસ બ્રાન્ડની સિગારેટના પાર્સલ પર મેડ ઈન તુર્કી અને મેડ ઈન ઈન્ડિયા છાપેલું હતું.

## સુરતના ગોપીપુરામાં નેપાળી સગીરા સાથે દુષ્કર્મ

। સુરત, તા.૨૫ ।

સુરતના અઠવા ગોપીપુરા વિસ્તારમાં ૧૪ વર્ષની નેપાળી સગીરા સાથે દુષ્કર્મનો મામલો સામે આવ્યો છે. દુષ્કર્મ આચરનારા નેપાળી યુવકની પોલીસે ધરપકડ કરી છે. આરોપી કરણ લક્ષ્મણ ઉર્ફે કાળુસિંગ છેલ્લાં બે મહિનાથી સગીરાનું યૌનશોષણ કરતો હતો. લલચાવી-ફોસલાવવા સાથે લગ્નની લાલચ આપી સગીરા સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. આખરે સમગ્ર મામલો અઠવા પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે બળાત્કાર અને પોક્સો એક્ટ અન્વયે ગુનો નોંધી આરોપી કરણની ધરપકડ કરી હતી. જે બાદ પોલીસે પીડિતાનું હોસ્પિટલમાં તબીબી પરીક્ષણ કરાવ્યું હતું. પોલીસે આ કેસમાં જરૂરી પુરાવા એકત્ર કરવા સાથે સાક્ષીઓના નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે. સુરતના ગોડાદરામાં ૮ માસની બાળકીનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજયું હતું. જોકે ગોડાદરાના ખાનગી ડોકટરે ઈન્જેંકશન આપ્યુ અને યોગ્ય સારવાર નહી અપતા બાળકી મોતની શંકા સાથે આક્ષેપ પરિવારે કર્યા હતા.





એસજી હાઈવે ગુરૂદ્વારાથી યાત્રા નિકળી હતી જે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ફરી હતી.

### સમાજ સેવા બદલ લોકોને પુરસ્કૃત કરાયા

## આશીર્વાદ ફાઉન્ડેશને ૧૪ ધરતીરત્નોને પુરસ્કૃત કર્યા

### સમાજ સેવા કે માનવ સેવા કરનારા ધરતી રત્નો સમાજને સતત મધમધતો બાગ બનાવવા મથતા હોય છે: રાજ્યપાલ

। અમદાવાદ, તા.૨૫ ।

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા જેઓએ પોતાનું જીવન આર્થિક ઉપાર્જનની આશા વગર માનવસેવા કે સમાજસેવામાં જોતરી દીધું હોય તેવા ૧૪ ધરતીરત્નોને ધરતી રત્ન પુરસ્કાર દ્વારા નવાજવાનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ સમારંભ રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે ધરતી રત્ન એવોર્ડ –૯ના અતિથિ વિશેષ તરીકે કંચનભાઈ બી ઝવેરી (ટ્રસ્ટી અને દાતાશ્રી સત્યસાંઈ હોસ્પિટલ), તથા આ ઈવેન્ટના દાતા કનુભાઈ એમ પટેલ (ચેરમેન મોન્ટેકાર્લો લિ.), આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક સીએ આર. એસ. પટેલ સંસ્થાના કારોબારી સભ્ય પૂર્વ મહેસુલ મંત્રી કૌશીક પટેલ, સહિત ટ્રસ્ટના અગ્રણી હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ધરતી રત્ની એવોર્ડ એનાયત કરવાના પ્રસંગે રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે સમાજ સેવા કે માનવ સેવા કરનારા ધરતી રત્નો સમાજના એવા પુષ્પો છે કે જેઓ તેમના સેવાકીય કાર્ય દ્વારા સમાજને સતત મધમધતો બાગ બનાવવા મથતા હોય છે. આવા ધરતીરત્નોને પુરસ્કૃત કરી સમાજને રાહ ચીંધવાના કાર્યને આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે આયોજીત કરવામાં આવે છે કે જે પ્રવૃત્તિ અભિનંદન અને અભિવાદનને પાત્ર છે. આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક સીએ આર એસ પટેલે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં ધરતી રત્ન એવોર્ડ વિજેતાઓને ફુલો સાથે સરખાવતા જણાવ્યું હતું કે, ફુલો બગીચામાં કે જંગલમાં કોઈ જોનાર ન હોવા છતાં તેમની પોતાની રીતે ખીલે છે અને સ્વયંભૂ સૂવાસ ફેલાવતા રહે છે. તે જ રીતે ધરતી રત્ન એવોર્ડ વિજેતાઓતેમના પોતાના આનંદ માટે જ સેવાકીય કાર્યો કરે છે અને તેની સુવાસ સમગ્ર સમાજમાં ફેલાવે છે. પરંતુ જે લોકો નિસ્વાર્થભાવે કોઈપણ આર્થિક ઉપાર્જનની અપેક્ષા સિવાય માનવસેવા કે સમાજસેવા કરે છે તેવા ધરતી રત્નોને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી નવાજવાનો અમારા અભિગમનો મુખ્ય હેતુ દીવે-દીવો પ્રગટે તેમ અનેક સેવકોને ઉત્તમ સેવાકાર્યો કરવાની પ્રેરણા મળે તેનો છે.

### ડુમસ રોડ પરનાં રેડ પર્લ સ્પામાં પોલીસે દરોડા

## સુરતમાં સ્પાની આડમાં ચાલતા દેહ વેપારનો પર્દાફાશ

। સુરત,તા.૨૫ ।

થોડા સમય અગાઉ પોલીસ દ્વારા સમગ્ર રાજ્યમાં સ્પા સેન્ટરો પર દરોડા પાડી સ્પા સંચાલકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. પરંતુ તે બાદ ફરી સ્પા સેન્ટરો ધમધમતા થઈ જવા પામ્યા હતા આજે સુરતમાં સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપારનો પર્દાફાશ થવા પામ્યો છે. સુરતનાં ડુમસ રોડ પરનાં રેડ પર્લ સ્પામાં પોલીસે દરોડા પાડ્યા હતા. સુરત પોલીસે આજે ડુમસ રોડ પર આવેલ રેડ પર્લ સ્પામાં પોલીસે રેડ કરી થાઈલેન્ડની મહિલાને દેહ વ્યાપારમાંથી મુક્ત કરાઈ હતી. મહિલાઓને ગ્રાહકો પાસે મસાજ કરવાનાં બહાને દેહ વ્યાપાર કરાવાતો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ઉમરા પોલીસે બાતમીનાં આધારે દરોડા પાડી કાર્યવાહી કરી હતી. પોલીસે ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર પ્રમોદ યાદવની ધરપકડ કરી હતી.

## સવારે ઉઠીને તુલસીને જળ ચડાવાથી સકારાત્મકતા આવે છે

। અમદાવાદ, તા.૨૫ ।

હિંદુ ધર્મમાં તુલસીનું વિશેષ મહત્વ છે. તમને દરેક ઘરમાં તુલસીનો છોડ ચોક્કસ જોવા મળશે. એવું માનવામાં આવે છે કે આપણે દરરોજ સવારે ઉઠીને તુલસીના છોડને જળ ચઢાવવું જોઈએ. તુલસીને અનેક ગુણોથી ભરપૂર માનવામાં આવે છે. તુલસીને પવિત્ર, શુભ અને શુભ માનવામાં આવે છે. ભગવાન વિષ્ણુને તુલસી ખૂબ જ પ્રિય છે. એવું માનવામાં આવે છે કે જો તમારા ઘરમાં તુલસીનો છોડ હોય તો દરરોજ સવારે સ્નાન કર્યા પછી તુલસીના છોડને પાણી આપવું જોઈએ. તેનાથી જીવનમાં આવતી મુશ્કેલીઓ અને પરેશાનીઓ દૂર થાય છે. તુલસીને જળ અર્પણ કરવાનો સૌથી યોગ્ય સમય સૂર્યોદયનો છે. સૂર્યોદય સમયે તુલસીને જળ ચઢાવવાથી વિશેષ લાભ થાય છે.

### વલસાડનો લાલબત્તી સમાન કિસ્સો

## તાંત્રિકે વિધિના બહાને મહિલાના સોના ચાંદીના દાગીનાની ઉઠાંતરી કરી ફરાર

### આખરે આ વિધર્મી તાંત્રિક પોલીસના હાથે ઝડપાતા હવે પોલીસના પાંજરે પુરાવાનો વખત આવ્યો છે

। વલસાડ, તા.૨૫ ।



કહેવાય છે કે લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ના મરે. ઠગબાજો લોકોને મેલી વિદ્યાના નામે ભોળવી અને ખિસ્સા ખંખેરી જતા હોવા છતાં પણ લોકો અંધશ્રદ્ધામાં લુંટાઈ રહ્યા છે. આવો જ એક કિસ્સો વલસાડમાં બન્યો છે. જ્યાં એક વિધવા માને પોતાની બીમાર દીકરીની સારવારની વિધિ માટે એક ઠગ તાંત્રિકે વિધિના બહાને મહિલાના સોના ચાંદીના દાગીનાની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. જોકે આખરે આ વિધર્મી તાંત્રિક પોલીસના હાથે ઝડપાતા હવે પોલીસના પાંજરે પુરાવાનો વખત આવ્યો છે. વલસાડના એક વિસ્તારમાં રાજકુમારી પ્રજાપતિ નામની એક વિધવા મહિલા રહે છે. જે ચાની લારી ચલાવી ગુજરાન કરે છે. પરિવારમાં એક બીમાર દીકરી છે. તેની સારવાર માટે અનેક પ્રયાસો કરવા છતાં પણ તબિયતમાં સુધારો ન થતા આખરે ભગત ભુવાના શરણે જવાનું વિચાર્યું હતુ. જે દરમિયાન વાપીના ગુલાબ નગરમાં રહેતા નૂર મહંમદ અઝીઝ ઊલ્લા શેખ નામના ઠગ તાંત્રિકે મહિલા પાસે જઈ અને પોતે કાલિકા માતાનો ભક્ત હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બીમાર દીકરીની વિધિ કરવા માટે મહિલાને ભોળવી હતી. જોકે દીકરીની બીમારી દૂર થશે તેવું માની આ વિધવા મહિલા ઠગ તાંત્રિકની જાળમાં ફસાઈ ગઈ હતી. ત્યારબાદ વિધિ કરવા મહિલાને બેસાડી અને કપૂર, કાળો દોરો, લીંબુ સહિત મેલીવિદ્યામાં વપરાતી કેટલીક સામગ્રીઓ પૂજામાં રાખી અને ત્યારબાદ એક માટીના કોડીયામાં કઈ શંકાસ્પદ મૂકી તેને પાણીમાં મુકતા પાણીમાં કોડિયામાં આગ લાગી હતી. ત્યાર બાદ વિધર્મી ઠગ તાંત્રિકે મહિલાને તેમના સંતાનની ચિતા સળગતી હોવાનું બહાનું બતાવી વિધિના બહાને વિધવા મહિલાએ પહેરેલા સોના ચાંદીના દાગીના વિધિમાં મુકવા જણાવ્યું હતું ત્યારબાદ તેણે ચાલાકીથી વિધિમાં મુકેલા દાગીના સેરવી લઈ અને આ દાગીના પોતે એક કાળી થેલીમાં મૂકે છે તેવુ વિધવા મહિનાને જણાવ્યું હતું. જો થેલી ખોલશે તો અનર્થ થશે તેવો ડર પણ બતાવ્યો હતો. આથી આ મહિલા ભોળવાઈ ગઈ હતી અને ઠગ તાંત્રિક પોતાની કરતબ અજમાવી અને ફરાર થઈ ગયો હતો. જોકે એક વખત સ્વાદ ચાખી ચુકેલો આ ઠગ સતત બીજા દિવસે પણ મહિલા પાસે આવી અને પોતે આજે પણ વિધિ કરશે તેવું જણાવ્યું હતું. આથી મહિલા દુકાને હતા દરમિયાન તેમને શક જતા ઘરે આ તાંત્રિકે વિધિમાં મૂકેલી કાળી થેલી મંગાવી અને ઠગ તાંત્રિકને દુકાન પર જ વિધિ કરવા જણાવ્યું હતું. આથી પહેલાની જેમ જ ફરી પાછા બીજા દાગીના શેરવી શકાશે તેવી લાલચ જાગી હતી. ત્યાર બાદ મહિલાના ભાઈ કાળી થેલી લઈ અને દુકાન પર આવ્યા હતા. એ થેલી વિધર્મી તાંત્રિક પાસે જ સીલ ખોલાવતા થેલીમાંથી કાઈ નીકળ્યું ના હતું. આથી આ વિધવા મહિલા પોતે ઠગાઈ હોવાના જાણ થતાં જ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જોકે તે વખતે આ ઠગ મોકો જોઈ ફરાર થઈ ગયો હતો. પરંતુ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી વિધવા મહિલાને ઠગનાર આ કથિત ઠગ તાંત્રિકને ગણતરીના કલાકોમાં જ ઝડપી પોલીસના હવાલાતના સળિયા ગણાવ્યા હતા. જોકે અત્યારે પોલીસે આ વાપીના ગીતા નગરમાં રહેતા નૂર મોહમ્મદ અઝીઝ ઉલ્લા શેખની ધરપકડ કરી તેની આગવી ઢબે પૂછપરછ કરવાની શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨